# આધ્યાત્મિક કેડી

તંત્રી : સમ્પાદક : કૈલાસબહેન એન. પરીખ




પરમ તેજદાત્રી મા ગાયત્રી

વર્ષ ૨ ] ઓકટોબર ૧૯૮૨ [ અંક ૪

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ–૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.

**કે. એન. પરીખ**
મેનેજિંગ ટ્રસ્ટી
**શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**

**સરનામું :**
**કે. એન. પરીખ**
**મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,**
**અસારવા, અમદાવાદ–૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)**
**ફોન : ૬૭૯૯૭**

□

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૧ • ઑક્ટોબર : ૧૯૮૨ • અંક ૪

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. | નિષ્કામ ભક્તિ : એક પ્રતિભાવ | ૩ |
| ૨. | પૂ. ગુરુદેવનો આદેશ | ૯ |
| ૩. | જન્મદિવસનાં દિવ્ય વધામણાં | ૧૦ |
| ૪. | અનુષ્ઠાન કેવી રીતે કરશો ? | ૧૨ |
| ૫. | ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં | ૧૪ |
| ૬. | આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં | ૨૦ |
| ૭. | જ્ઞાનગોષ્ઠિ : પ્રારબ્ધ અને પુરુષાર્થ | ૨૨ |
| ૮. | અહમ્‌થી મુક્ત બનેલા આત્મામાં જ પ્રભુની શરણાગતિનો આવિષ્કાર સધાય છે ! | ૨૬ |
| ૯. | સમાચાર | ૨૮ |
| ૧૦. | પરમતત્ત્વમાં શ્રદ્ધા રાખી અપેક્ષાવિહીન શરણાગતિ સ્વીકારો. | ૨૯ |
| ૧૧. | ઇંગ્લૅન્ડમાં પૂ. ગુરુદેવનો કાર્યયજ્ઞ | ૩૧ |

**વિજ્ઞપ્તિ : લવાજમ રીન્યુઅનલ**

**૧૯૮૩ ના વર્ષનું લવાજમ આપ રીન્યુ કરાવી લેશો. —તંત્રી**

**વાર્ષિક લવાજમ : રૂ. ૧૦**

આ ત્રૈમાસિક અંક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબર માસમાં પ્રગટ થશે.

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મેટ્રન ક્વાર્ટર્સ, ન્યુ સીવીલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

# નિષ્કામ ભક્તિ : એક પ્રતિભાવ

[ પ્રિય વાચકો,

જુલાઈના અંકમાં પ્રગટ થયેલો 'નિષ્કામ ભક્તિ'-નો લેખ વાંચી એક બહેને પૂ. શાસ્ત્રીજી પર સ્વાનુભવ વર્ણવતો પત્ર લખી મોકલ્યો છે, જે નિષ્કામ ભક્તિના પ્રતિભાવ રૂપે અહીં પ્રગટ કરીએ છીએ. આશા છે એમાંથી અનેક વાચકોને-બહેનોને યત્કિંચિત્ પ્રેરણા, માર્ગદર્શન તેમ જ સાત્ત્વિક જીવન જીવવાની દિશા મળશે. — તંત્રી-સમ્પાદક ]

પૂજ્ય શ્રી ગુરુદેવ,

આશિષની અભ્યર્થના સહિત આપનાં ચરણોમાં નસ-મસ્તકે પ્રણામ કરું છું.

સવિનય જણાવવાનું કે જુલાઈના અંકમાંનો 'નિષ્કામ ભક્તિ'નો આપનો લેખ વાંચ્યો. એથી મેં સ્વીકારેલા અભિગમને પુષ્ટિ મળી. મારા વિચારો-મન્તવ્યોને સમર્થન મળ્યું. મેં સ્વીકારેલા માર્ગ પર એક અનેરો-અદ્‌ભુત-અલૌકિક પ્રકાશ ઝળહળી ઊઠ્યો-ઊગતા પ્રભાતનો પ્રકાશ-નૂતન સંચાર-નવી જ શ્રદ્ધા-શરણાગતિ, એક નવું જ બળ, એક અનેરા આત્મવિશ્વાસનો આવિર્ભાવ!

ગુરુદેવ, લેખમાં આપે જે perception રજૂ કર્યું છે, આપે જે મન્તવ્યો રજૂ કર્યાં છે તે મને મારા જીવનના અનેક સારા-માઠા અનુભવોમાંથી સમજાઈ ચૂકયાં છે અથવા એને આધારે જ આ લખાયું છે એમ લાગે છે.

સૌ પ્રથમ હું આપને એટલું કહીશ કે માનવી શ્રદ્ધા-શરણાગતિ-ભક્તિના પ્રથમ સોપાને તો કંઈ ને કંઈ મનોકામનાઓ અપેક્ષાઓ સહિત જ ઊભો હોય છે. કયાં તો એ અપેક્ષાઓ સાથે પ્રથમ સોપાને જ ઊભો રહી જાય છે અથવા તો અપેક્ષાઓ સાથે પણ એક પછી એક સોપાનો ચઢતો જાય છે. વચ્ચે વચ્ચે શ્રદ્ધા-અશ્રદ્ધા, શંકા-કુશંકા, તર્ક-વિતર્ક, શરણાગતિમાં કયારેક ભરતી-ઓટ, કયાંક જીવનની ઝંઝાવાતોનો થાક, આમ જાઉં કે તેમ જાઉં? શું કરું? ઈશ્વર કયાં છે? ભગવાન મારું સાંભળે છે કે નહિ? સાંભળશે કે નહિ? મારા ઇપ્સિત ધ્યેય પર મને કયારે પહોંચાડશે? આવી લાગણીઓ સાથે જીવનના ટાપુ પર એ ઊભો રહે છે — પોતાની પેલી મનોકામનાઓ-અપેક્ષાઓ લઈને.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહ્યું છે ને — **ન મે ભક્તઃ પ્રણશ્યતિ.** મારો ભક્ત કદાપિ નાશ પામતો નથી, એટલે જેમણે પરમાત્માની શરણાગતિ સ્વીકારી છે તેને અવશ્ય કોઈ ને કોઈ માર્ગ-ઉકેલ-દિશા

અવશ્ય સાંપડી રહે છે. કયાંક માનવીની મૂળભૂત અપેક્ષાઓ પરિતોષ પામતી નથી, પરન્તુ જીવનના જે ઝંઝાવાતોમાં ફસાયેલો હોય છે, તેમાં પરમાત્માના ભક્તનું અવશ્ય રક્ષણ થાય છે દશે દિશાએથી રક્ષણ થાય છે. માનવીની મૂળભૂત અપેક્ષાઓ ન પરિતોષવામાં પણ પરમાત્માનો કંઈ ને કંઈ શુભ સંકેત હોય જ છે અથવા તો શરણાગતના હૌવતની–તાકાતની, એની આંતર નક્કરતાને પિછાની જોવાનો પરમાત્માનો ઉદ્દેશ હોય છે. માટીમાંથી એક ઘાટ ઘડાતાં ઘડાતાં તે ખૂબ ખૂબ ટીપાય છે, સુવર્ણમાંથી એક અલંકાર ઘડાતાં અગ્નિમાં ખૂબ તપાવાય છે. તેવી જ રીતે માટીના આ માનવીનો એક સુરેખ આકાર ઘડવા, સુવર્ણ સમ પવિત્ર ને નક્કર બનાવવા પરમાત્મા ઝંઝાવાતોથી–આપત્તિઓથી શરણાગતને ટીપે છે. સાથે સાથે સારા–નરસા, ઉચિત–અનુચિતનો તેનામાં વિવેક જાગૃત કરે છે, તેનામાં પ્રેરણાનું સિંચન કરે છે અને પરમાત્માની પ્રેરણાની અંગુલિ ઝાલીને ચાલતો માનવી જીવનના ઝંઝાવાતોમાંથી અદ્ધર હેમખેમ ઊંચકાઇને બહાર આવે છે! ત્યાં સુધી પોતાનું શું થઈ રહ્યું છે—થાય છે તેનો કશો ખ્યાલ આવતો નથી, પણ ઝંઝાવાતમાંથી બહાર આવ્યા પછી જ તેને સત્ય સમજાય છે. પરમાત્માનો સંકેત સમજાય છે. જીવનમાં એક નવી જ શરણાગતિનો અવિષ્કાર થાય છે. મેં જે અનુભવ કર્યો તે તો એટલો જ કે સામાજિક પ્રતિષ્ઠા, માન–મોભ્ભો, વિદ્વત્તાની ઘેલછા, અહમ્ કે પછી પોતે સ્વીકારી લીધેલાં ગ્રંથિતોના ઓઠા હેઠળ હું મનપસન્દ જીવનસાથી ન મેળવી શકી! શૈશવથી જ શ્રદ્ધા ને શરણાગતિનો સંસ્કાર લોહીમાં ભળેલો હોઈ, જયારથી આવા પોકળ અન્તરાયના સંભવ ને શકયતાની ગંધ આવી ત્યારથી જ મારી આ અપેક્ષાને સાકાર–મૂર્તિમન્ત કરવાની પ્રાર્થના કરી હતી. તે દરમ્યાન મેં આપનો સમ્પર્ક સાધ્યો હતો (ઈ. સ. ૧૯૭૭ના જાન્યુઆરીના છેલ્લા અઠવાડિયામાં). આપે પાંચ માળા ગાયત્રી–મંત્રની તેમ જ બગલામુખી સ્તોત્રનો પાઠ કરવા જણાવ્યું હતું. મેં પૂછ્યું: 'થશે?' 'કરો ને, જુઓ તો ખરા, શું થાય છે તે!' આપે જવાબ આપ્યો હતો. શ્રદ્ધા ને શરણાગતિ મારે માટે અજાણ ન હતાં. કેવળ આપના આદેશનો જ અમલ કરવાનો હતો. કરી યે દીધો! છતાં હું તદ્દન નિષ્ફળ ગઈ!?!

મે માસમાં મેં આપની ફરી મુલાકાત લીધી અને આપને પરિસ્થિતિથી વાકેફ કર્યા. આપે મારી વાત સાંભળી પળભર આંખો બંધ કરી મને કહ્યું, માતાજી કંઈક રસ્તો કાઢી આપશે 'માતાજીને સોંપી દો.' મને કંઈ સમજાયું નહિ. હવે શું? પણ મારી એ મૂંઝવણો ને મારા પ્રશ્નો ઉદ્‌ભવતાંની સાથે જ આપના સાન્નિધ્યમાં બેઠી હતી ત્યાં જ વિરમી ગયાં! આપે મને કંઈક અલૌકિક ઉમળકાભેર —વાત્સલ્યપૂર્ણ, કરુણાર્દ્ર સભર નેત્રે મારી પર આશીર્વાદની અમીવૃષ્ટિ કરી! હું પાછી ફરી.

આપનાં પુસ્તકોના વાચનથી મારી શ્રદ્ધા અને શરણાગતિમાં નવો જ પ્રાણ પુરાવા લાગ્યો ને નૂતન રૂપે આવિર્ભાવ પામીને બળવત્તર થતી ગઈ. છતાં મારી મનોવેદના ઓછી નહોતી થતી. મારા હૃદયમાં આ ને આ જ વાતો ઘોળાયા કરતી. આ બધું શું બની ગયું તે કાંઈ સમજાતું નહિ. મને સતત એમ થયા કરતું કે મેં કદી કોઈ કાળે કોઇનું પણ બગાડયું નથી. તેમ જ મનમાં, સ્વપ્ને પણ કોઈનું બૂરું નથી ઇચ્છ્યું. મારી આંગળી ચીંધ્યાના કેટલા યુવક–યુવતીઓ દામ્પત્યજીવનથી જોડાયા છે ને સુખી છે. શું મને કોઈના આશીર્વાદ ન મળ્યા?' શું ભગવાન પણ મારા પર રાજી નથી! એની કૃપા નથી? મારો શો દોષ? અલબત્ત, હું જે કંઈ સ્મરણ કરતી તે અવિરત ચાલતું હતું, પણ મનને કોઈ શાંતિ નહોતી વળતી. ઘણી વાર આત્મહત્યાના પણ વિચારો આવતા. આપના 'ગાયત્રી–જ્ઞાનસુધા' નામના પુસ્તકમાં કર્મના સિદ્ધાંત વિશે વાંચ્યું ને મારા મનથી મને એક પ્રતીતિ થવા લાગી કે આ ભવે મેં કદી કોઈનું બગાડયું નથી, પણ પૂર્વના

કોઈક ભવનાં મારાં અસત્ કાર્યો આડે આવ્યાં લાગે છે ને આ ભવે તેનું ફળ ભોગવ્યે જ છૂટકો. પૂર્વના કોઈક ભવમાં મેં પણ તેમને પ્રતિષ્ઠાની ઘેલછામાં તણાઈને કે અન્ય કોઈ લાચારીથી તેમનો સહવાસ છોડી દીધો હશે, તેમનો ત્યાગ કર્યો હશે, ને તેના અન્તરના નિસાસા, તેના હૃદયના હાયકારા અત્યારે પ્રારબ્ધ રૂપે મારા જીવનમાં ઉપસ્થિત થઈ ચૂક્યા છે. તે પ્રારબ્ધ ભોગવ્યે જ છૂટકો. સત્ય હકીકત શું હશે તે તો આપ જાણો ને માતાજી જાણે, જે હોય તે. પણ મારા કોઈપણ પૂર્વભવના દોષો-અસત્ કર્મો માટે હું આપની તેમ જ માતાજીની અંતઃ કરણપૂર્વક ક્ષમા માગું છું.

ધીમે ધીમે આસપાસનું વાતાવરણ ને બનેલી તેમ જ બનતી રહેલી ઘટનાઓનું જાણે હૃદયના કોઈક અગોચર ખૂણેથી વિશ્લેષણ કરી સમજાવતું હતું કે ઉચિત શું? અનુચિત શું? એક એક પળની ઘટનાથી કોઈક અગોચર શક્તિએ મારું દશે દિશાએથી રક્ષણ કર્યું હોય એવો અનુભવ થવા લાગ્યો ને આજ દિન સુધીમાં પરમાત્માનો સંકેત શો હતો તે સમ્પૂર્ણપણે સમજાઈ ચૂક્યું છે. મને એક બહુ મોટા, ખોટા અપવાદ-બદનામીમાંથી ઊગારી લીધી છે. બહુ મોટા સર્વનાશમાંથી ઊગારી લીધી છે. ત્યાર પછી મારા હૃદયમાંથી એક અજબ પ્રકારની શ્રદ્ધા અને શરણાગતિનો આવિર્ભાવ થતો રહે છે. એક નવાં જ આત્મબળ ને આત્મવિશ્વાસ ઉદ્ભવ્યાં છે. એક જબરજસ્ત ધૈર્ય ને સહનશક્તિ તેમ જ આત્મસંયમ અન્તરમાંથી પ્રગટી રહે છે. હા, પ્રમાણિકપણે કહું તો કયારેક કયારેક ધીરજ ને સહનશક્તિ ખૂટી જાય છે ને અન્તરમાંથી એક ભાવ ઊભરાઈ આવે છે, કે માતાજી એની પાસે બોલાવી લે તો સારું, કારણ હજી ય કેટલીક વિષમતાઓ આસપાસ એવી વીંટળાઈને રહી છે કે કયારેક કયારેક અકળાઈ ઊઠું છું ને સાથે સાથે અંગત લાગણીનો સંઘર્ષ, સ્વાભાવિક-સહજભાવે ઉદ્ભવતી લાગણીનો પરિહાર! એનો સામનો કરવો બહુ કઠિન છે! પણ પછી તરત જ એ દુર્વિચાર કયાં વિલાઈ જાય છે ને ચિત્ત માતાજીના ને આપના સ્મરણમાં-સંકેતોમાં કયારે લીન બની જાય છે તે સમજાતું નથી!

શૈશવથી જે શરણાગતિ ને શ્રદ્ધાપૂર્વક પરમતત્ત્વનું જે નામ પાડી ભક્તિ-નામસ્મરણ-પ્રાર્થનાનો લય આરંભ્યો હતો કે જયારથી ગાયત્રી-ઉપાસના શરૂ કરી છે તો તેનાથી, આવી વિષમતાઓને લીધે પણ, વિમુખ થવાનો વિચાર લેશ માત્ર ઉદ્ભવ્યો નથી, કે તેના પ્રત્યે અસંતોષ પણ નથી જાગ્યો. મારું સદ્ભાગ્ય છે કે મારી શરણાગતિથી, શ્રદ્ધાથી ને મેં જે સહન કર્યું છે તેનાથી પ્રસન્ન થઈને પરમાત્મા મને તેવા સંકેતોની લિપિ ઉકેલવાની-સમજવાની શક્તિ બક્ષી રહ્યા છે, એ રીતે હું મારી જાતને ખૂબ જ ભાગ્યવાન માનું છું.

જેમ નરસિંહે ઉચ્ચાર્યું હતું કે, 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ' તેમ હું પણ માનું છું કે ભક્તિની શક્તિઓને ઝીલવા મા જગદમ્બા ગાયત્રીએ એક બહુ મોટી, સારામાં સારી તક આપી છે, તેનો બને તેટલો સદુપયોગ સન્માર્ગે કરી લેવો ને અપરિણીત રહેવાના મારા સંકલ્પને જયારથી આપના આશીર્વાદ સાંપડયા છે ત્યારથી મને એક બહુ મોટા આત્માનન્દનો અનુભવ થઈ રહ્યો છે. કારણ કે તે વેળાની વિષમતામાં મારું મન અપરિણીત રહેવાનો જ સંકલ્પ કરી ચૂકયું હતું. મારી આસપાસ સંકળાયેલ એક એક વ્યક્તિ મને અન્યત્ર પરણી જવાની સલાહ આપી રહી હતી, મારા ભાવિ વિશે વિચાર કરવા જણાવતી હતી. પણ કવિ ન્હાનાલાલે કહ્યું છે તેમ 'આત્માએ ઓળખ્યો તે વર, બીજા બધા તે પર.' તેમ હું અન્ય કોઈ સાથે પરણવા માગતી નહોતી. મારી લાગણી, મારાં મૂલ્યો, મારા સંસ્કાર ને મારા ચારિત્ર્યની વિરુદ્ધની વાત હતી. મારા ભવિષ્યનો વિચાર મને પણ આવતો, પણ જયારે ઘૃતદીપ પ્રગટાવી, બે હાથ જોડી માતાજીની સન્મુખ ઊભી રહેતી ત્યારે

અંદરથી જાણે કોઈક અવાજ ઊઠતો હોય તેમ લાગતું : જેણે જનમ દીધો છે, જેણે આ પરિસ્થિતિ, આ દુઃખ ( કે સુખ ) નું નિર્માણ કર્યું છે તેને મારી ચિંતા હશે ને? મેં જેની શરણાગતિ સ્વીકારી છે તેને મારી કોઈ જવાબદારીનો ખ્યાલ તો હશે જ ને! મેં તો બધું જ એનાં ( પરમાત્માનાં ) ચરણોમાં સોંપી દીધું છે. એ જે કરશે તે મારે માટે યોગ્ય જ હશે. લગ્નની બાબતમાં મારાં મન્તવ્યો બહુ જુદાં છે. હું કહેવાતી આધુનિકતાના પ્રવાહમાં તણાવા માગતી નથી, જ્યાં લગ્ન પછીના – લગ્ન વિનાના સ્ત્રી–પુરુષના આડ સમ્બન્ધો આધુનિકતાનું લક્ષણ – એક ફેશન ગણાય. એટલે હવે સંસારનાં એ અશાશ્વત સુખ કરતાં શાશ્વત સુખનું મૂલ્ય મારે મન વિશેષ છે. હું એ શાશ્વત સુખને પામવા માગું છું. મનોવાંછિત પાત્ર સાથે જીવન ને સંસાર જોડવાની આકાંક્ષા–પરિસ્થિતિ ઉદ્દભવી હતી, તેમાં સરિયામ નિષ્ફળતા મળતાં અંગત લાગણી-નૈતિક મૂલ્યો ને વધુ તો for the sake of God-ઈશ્વરને ખાતર-એના કૃપાપાત્ર બનવા ઉદ્દભવેલી પરિસ્થિતિને સ્વીકારી લેવી, એની સામે ઝઝૂમી લેવું ને આરાધ્ય તત્ત્વની શ્રદ્ધા ને શરણાગતિ છોડવાં નહિ, એ મારી આત્મપ્રતીતિ છે. ને સૌથી મોટો આત્માનન્દ, આપ સમા સમર્થ મહાપુરુષની છત્રછાયા-આશીર્વાદ પામીને થાય છે, એથી મારી જાતને અનેકાધિક રીતે ભાગ્યશાળી સમજું છું.

આજની કહેવાતી આધુનિકતાના પ્રવાહમાં, જ્યાં માનવીને નૈતિક મૂલ્યો જેવું કશું રહ્યું નથી, અથવા નૈતિક મૂલ્યોનો તેણે પરિહાર કર્યો છે, જ્યાં એક કરતાં અનેક સ્ત્રી–પુરુષો સાથે મૈત્રી કેળવવાની, આડ સમ્બન્ધો બાંધવાની એક પ્રકારની ફેશન–આધુનિકતા ગણાય છે, તેવા સમયમાં, મારી શ્રદ્ધાના સૂરને લેશ માત્ર ક્ષીણ થવા દીધા વિના, મારી શરણાગતિને, મરણતોલ બનીને પણ, મારા અન્તરના બને તેટલા બળથી વળગી રહી, અપરિણીત રહેવાના મારા સંકલ્પે, ગુરુદેવ, હું કુટુમ્બ, સગા–સમ્બન્ધી, પાડ–પાડોશ ને આસપાસના સમગ્ર વાતાવરણ ને વર્તુળથી વેગળી પડી ગઈ છું. હું ઉપહાસને પાત્ર પણ બની, પણ હું મારા સત્યને–મારા સંકલ્પને વળગી રહી ને સોનામાં સુગન્ધ ભળે એમ મારા એ સંકલ્પને આપના અમીમય આશીર્વાદ સાંપડયા! આપના સમ્પર્કમાં આવી એટલે હું સમજું છું કે મારી ભૌતિક નિષ્ફળતાઓ જ મારા નિજના શ્રેયાર્થે, મારા આત્મકલ્યાણાર્થે મને આપના સાન્નિધ્યમાં ઘસડી લાવી! હું સમજું છું ગુરુદેવ, કે મારી શ્રદ્ધા, શરણાગતિ ને ભક્તિનું આપ મૂર્તિમન્ત સ્વરૂપ છો. આપ સાક્ષાત્ જગદમ્બા છો. એટલે જ આપે અનેકવાર સ્વપ્નમાં દર્શન આપી 'બેટા–બેટા'ના વરસાદથી મને ભીંજવી દીધી! હું સમજું છું કે હું જે વાત્સલ્યથી વંચિત રહી તેની પરિપૂર્તિ આપના તેમ જ મા ગાયત્રીના અલૌકિક, દિવ્ય ને અમૂર્ત એવા વાત્સલ્યથી થઈ ગઈ! ને એણે મને ઘણું બળ આપ્યું!

આપે એકવાર કહ્યું હતું : 'એક પુષ્પ વિકસે એટલે એની સુવાસ તો આપોઆપ ફેલાય!'......

આજે આપણે આધુનિકતાની વાતો કરીએ છીએ, સમાજ–ઉત્થાનની વાતો કરીએ છીએ. પણ આપણો સમાજ પરંપરાગત રૂઢિઓમાંથી–જડતામાંથી બહાર આવ્યો જ નથી. મારા સ્વાનુભવને આધારે કહું તો, ને કદાચ મારા જેવી અનેક બહેનોની મારા જેવી દશા હશે, તેમને પણ આપના આશીર્વાદ ને સાન્નિધ્યનો લાભ મળે ને માતાજી તેમને જીવન જીવવાનું, પોતીકા, કૌટુંબિક-સામાજિક સંઘર્ષોની સામે ઝઝૂમવાનું આત્મબળ મળે એવી પ્રાર્થના છે. કહેવાનું તાત્પર્ય તે એ કે આજે પણ સ્ત્રીની સ્વતંત્રતાને, તેના વ્યક્તિગત ઉત્થાનને, જોવા–સમજવા ને તેને પ્રોત્સાહિત કરવાનું વાતાવરણ જ નથી. સ્ત્રી એટલે માત્ર તેણે પરણીને પતિનું ઘર માંડવું, બાળકોને જન્મ આપી ઉછેરવાં ને પતિના–કુટુમ્બના

તાબામાં રહેવું. અપરિણીત રહીને, મર્યાદાશીલ, સંયમિત જીવન જીવી, એવા જીવનને રચનાત્મક માર્ગે વાળી પવિત્ર જીવન ન જીવી શકે? સ્ત્રીને માટે લગ્નજીવન જ શ્રેષ્ઠ ને અનિવાર્ય છે?! કોઈપણ સ્ત્રીને મનોવાંછિત લગ્નજીવન મળે તો એ ભલે માણે, પણ જ્યાં તેના લગ્નજીવનની આડે આ ને આવી અનેક સમસ્યાઓ સર્જાય, તો એની સામે ઝઝૂમી, એનો પરિહાર કરી સ્ત્રી પોતે પોતાનો માર્ગ કાઢી લે, તે શું યોગ્ય નથી? હું પોતે એમ માનું છું કે જીવનના આવિષ્કાર માટે–જીવન જીવવા માટે ઘણા બધા માર્ગો છે–ઇષ્ટ ને અનિષ્ટ. માનવી–સ્ત્રી પોતે પોતાને ઇષ્ટ ઉચિત માર્ગ સ્વીકારીને પોતે પોતાનું જીવન ભલે બનાવે એમાં અયોગ્ય શું છે? ભૌતિકતાનો રાજમાર્ગ ન મળે તો આધ્યાત્મિકતાનો કે અન્ય કોઈપણ સાત્વિક સન્માર્ગ સ્વીકારી જીવનને સ્થગિત, એકલ ન બનાવતાં આગળ વધવું જોઈએ. જીવનમાં દરેકને અપેક્ષાઓ હોય, મને પણ હતી, પણ તે ન અપેક્ષાય કે ન અપેક્ષાતાં તેના પર ચોકડી મારી આગળ ચાલવામાં માનું છું. એટલે લગ્નજીવન સ્ત્રીને માટે અનિવાર્ય ન હોઈ શકે. પણ આજે પરિસ્થિતિ એવી છે કે અપરિણીતોની જાણે બધા ઠેકડી જ ઉડાવતા હોય છે. જેને મન ફાવે તેમ બોલે. દરેક જણ પોતપોતાની સલાહ આપે ને આપણે સ્વીકારેલા માર્ગને લોકો હસી કાઢે. શું સ્ત્રી પોતે કોઈ અસાધારણ જીવન ન જીવી શકે? આવી બધી જ બાબતોમાંથી હું પસાર થઈ ચૂકી છું ને હજી યે થાઉં છું. મારી આત્મપ્રતીતિને અનુસરી મેં આધ્યાત્મિકતાને માર્ગે–ઈશ્વરપ્રાપ્તિને માર્ગે ડગ ભર્યાં છે. સાથે આપના આશીર્વાદ–છત્રછાયા ને માર્ગદર્શન છે. જગત ભલે મારી કે મારા જેવી અનેક બહેનોની હાંસી ઉડાવે. આમેય લોકોને આંગળી ચીંધવા જેવું થયું છે, તે જીવનની કમનસીબી છે, પણ એ કમનસીબી ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરાવવા, ભગવતી વેદમાતા ગાયત્રીનાં દર્શન કરાવવા સદ્‌ભાગી નીવડશે એવી શ્રદ્ધા છે. જ્યાં જગત હાંસી ઉડાવશે, ત્યાં ઈશ્વર પ્રેમ વરસાવશે ને આપ વારંવાર નરસિંહ–મીરાંના દષ્ટાંતો આપો જ છો ને. મીરાંના એક ભજનમાં કહેવાયું છે કે જગત ને ભગતને વેર હોય છે.

'પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જો ને.'
'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને,
પરથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જો ને.'....

દિવસો ગયા, મહિનાઓ વીત્યા ને વર્ષો પસાર થઈ ગયાં. બહુ કપરા દિવસો હતા એ ગુરુદેવ! શૈશવથી જે ઈશ્વરીય સ્મરણ કર્યું તે ઈશ્વરીય શક્તિએ કૃપાન્વિત બનીને મને આજ લગી ટકાવી રાખી. ઈશ્વરની શરણાગતિ ને શ્રદ્ધા તેમ જ સન્માર્ગે જીવન વ્યતીત કરવાનો મૂળ સંસ્કાર માતા–પિતાનો, ગર્ભમાંથી જ એ સંસ્કાર લઈને જન્મી છું તેથી આ તકે મારા માતા–પિતાને પણ પ્રેમ–આદર–ભક્તિભાવપૂર્વક વન્દન કરી લઉં. બાકી જીવન અસહ્ય ને અશક્ય લાગતું હતું. કાળજે લાગેલા એ આઘાતને ઈશ્વરીય શક્તિનો–માતાજીની કૃપાનો ને આપના આશીર્વાદનો અમીમય વાયરો વાયા કરે છે ને એ વેદનાનું કળણ સહ્ય બની જાય છે. છતાં અંગત લાગણીનો સંઘર્ષ જીવનભર સાથે જડાયેલો રહેશે. પણ આપે સમજાવેલો કર્મનો સિદ્ધાંત ને આપનું અમૃતમય સાન્નિધ્ય એની સામે રક્ષણ આપી રહે છે. આપનું પેલું વિધાન, 'જીવનની ભૌતિક સફળતા – નિષ્ફળતાને ઉપાસના સાથે કોઈ સમ્બન્ધ નથી.' હૃદયમાં ઘૂંટાયા કરે છે. એના તો મેં જાણે પ્રત્યક્ષ અનેક અનુભવો મેળવ્યા. આપના એ વિધાનથી–આદેશથી હૃદયનો–જીવનનો ભાર હળવો બની ગયો ને આપને પત્ર લખવા પ્રેરાઈ. કારણ, આપના આશિષ, સાન્નિધ્યને છત્રછાયાથી મેં નવજીવન પ્રાપ્ત કર્યું અને વિશેષ-

વંટોળ સામે હું એકલી જ, કોઈનાય સહારા વિના કેવળ ઈશ્વરીય શક્તિના આશ્રયે ટકી રહી, ઝઝૂમી રહી ને આજ હવે વેદમાતા ગાયત્રીના સંકેતની લિપિ વાંચવાની તક મળી. આપના સાન્નિધ્ય ને છત્રછાયા મેળવીને મારા જીવનનો અદ્ધર શ્વાસ હેઠો બેઠો છે.

આપના આશીર્વાદ ને માતાજીની પ્રેમપૂર્ણ અમીદષ્ટિમાંથી સાંપડતી શક્તિના જોરે, તન-મન-પ્રાણ ને સમસ્ત અસ્તિત્વ માતાજીની ભક્તિ ને સેવામાં લીન રહે એ જ અભ્યર્થના.

મેં કદી કોઈ વિધિવિધાન નથી કર્યાં. કેવળ નામસ્મરણ-શ્રદ્ધા અને શરણાગતિપૂર્વક અને આજદિનપર્યન્ત એ જ ક્રમ ચાલી રહ્યો છે.

ફરી ફરી આપનાં ચરણોમાં નત-મસ્તકે આશિષની અભ્યર્થના સહિત વારંવાર વન્દન કરું છું.

મારાથી કોઈ અવિનય થયો હોય તો ક્ષમા કરશો.

એ જ.

— આપની એક બાલિકાના

**જય ગાયત્રી મા.**

□


**Manufacturer of**

# ELECTRICAL ACCESSORIES
# STANDARAD ELECTRICAL PRODUCTS

Sadhana Industrial Estate, S. V. Road, Oshiwada Bridge,
Jogeshwari ( West ), Bombay – 400 102

Gram : Seproswich, Bombay 400102 Phone : 573220

# પૂ. ગુરુદેવનો આદેશ

ચોથી સપ્ટેમ્બર, ૧૯૮૨, સાંજે ૭ વાગ્યે 'નીલોષા' પર પૂજ્ય ગુરુદેવના કાર્યયજ્ઞની ઉજવાયેલી ચોથી જયંતી.

**આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવનું ઉદ્‌બોધન અને આશિર્વચન**

" ગાયત્રી માતાનાં વહાલાં બાળકો,

પવિત્ર, પ્રેરણાદાયી 'નિલોષા'ની કર્મભૂમિ પર મા ગાયત્રી પધાર્યાં છે. માના લાડકાં બાળકો અત્રે માની પ્રત્યક્ષ ઉપસ્થિતિનો પરોક્ષ અનુભવ કરવા માટે ઉત્સુક છે.

જીવનની પ્રત્યેક પળે જો આપણે નૈતિક જીવન ગુજારીશું તો માના દર્શનની અનુભૂતિ હરપળે આપણને થતી રહેશે.

જીવનમાં સુખ-દુઃખ અને ઇષ્ટની ઉપાસના એ બન્ને ભિન્ન વસ્તુ છે. જીવનમાં સુખ-દુઃખ, ધન, આરોગ્ય વગેરે કર્મના સિદ્ધાંતનું પરિણામ છે, જ્યારે ઇષ્ટની ઉપાસનામાંથી ઉદ્‌ભવતું સુખ એ દૈવી કૃપા છે.

ઉપાસના સમયે પણ ઉપાસકની પરીક્ષા થાય. આધિ, વ્યાધિ, ઉપાધિના વમળનો તેને ક્ષણભર અનુભવ કરાવવામાં આવે અને આ ક્ષણભરના અનુભવ દરમિયાન જો તે ડગી જાય, માનસિક વ્યગ્રતા અનુભવે, ઇષ્ટ ઉપાસનામાં અશ્રદ્ધા કેળવે તો તે તેના ઉપાસનાના માર્ગમાંથી વિચલિત થાય.

અભ્યાસ કરતાં કરતાં બધા જ અભ્યાસીઓ પી. એચ. ડી. નથી થઈ શકતા. વિટંબણાઓ પસાર કરીને જે નિશ્ચિત ધ્યેય પર પહોંચવા કટિબદ્ધ બને છે તેને જ ડૉકટરેટની પદવી મળે છે.

ઉપાસનાના પરમ શિખરે પહોંચવા માટે વિટંબણાઓની ઝડીઓને ન ગણકારતાં ઇષ્ટ ઉપાસનાની સતત લગની, નિષ્ઠા આપણને એક દિવસ જરૂર તેની પ્રત્યક્ષતાનો અનુભવ કરાવશે જ.

મારા જીવનમાં હું શું શીખ્યો, મેં શું અપનાવ્યું, તેની રૂપરેખા આપું અને તેને જો જીવનમાં ઊતારવાનો પ્રયત્ન કરશો તો જીવન ધન્ય બનશે અને માતાજીની-ઇષ્ટની કૃપાને પાત્ર બની શકાશે.

**(૧) ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.**

**(૨) નિઃસહાયને સહાય કરવી.**

**(૩) દુઃખીઓના દિલનાં આંસુડાં લૂછવાં**

**(૪) બીજાના સુખમાં સુખી થવું, કોઈની ઇર્ષ્યા કરવી નહિ.**

**(૫) કોઈની પણ સાથે વિશ્વાસઘાત કરવો નહિ.**

**(૬) પરનિન્દાથી દૂર રહેવું.**

**(૭) પુરુષાર્થને અગ્રતા આપવી, સતત કાર્યશીલ રહેવું.**

**(૮) અહમ્‌નો ત્યાગ કરવો.**

**(૯) નિઃસ્વાર્થ સેવા કરવી.**

માના વહાલાં બાળકો, મા ગાયત્રી અત્રે મુલાકાતના રૂમમાં સોફા પર બિરાજમાન છે ને સ્મિતવદને રૂપનું નિરીક્ષણ કરી રહ્યાં છે...

આપ સૌને મારા આશીર્વાદ છે.

પૂ. શાસ્ત્રીજી "

☐

# જન્મદિવસનાં દિવ્ય વધામણાં

તા. ૭મી સપ્ટેમ્બર પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીનો જન્મદિવસ હોઈ, પ્રતિવર્ષ ૭મી તારીખની આસપાસ મા ગાયત્રી તેના લાડીલા પુત્ર ( નરેન્દ્ર )ને-પૂ શ્રી શાસ્ત્રીજીને જન્મદિવસના આશીર્વાદ-શુભેચ્છા પાઠવવા સાક્ષાત્ પધારે છે, તેમ જ સાથે સાથે પૂ. ગુરુદેવના કાર્ય માટે અમૂલ્ય ને અગૂઢ એવું માર્ગદર્શન પણ આપે છે. આ વર્ષે પણ, જન્મદિવસના આશીર્વાદ-શુભેચ્છા પાઠવવા તા. ૫ મીની ઢળતી રાત્રે અને તા. ૬ઠ્ઠી ના બ્રાહ્મમુહૂર્તના સંક્રાંતિકાળમાં મા ગાયત્રી સાક્ષાત્ સ્વરૂપે પધાર્યાં હતાં તેનું વર્ણન પૂ ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીના શબ્દોમાં અત્રે પ્રસ્તુત કર્યું છે.

"રાત્રે ૨-૧૫ વાગ્યે હું એકાએક જાગી ગયો અને કોઈ અગમ્ય રીતે પલંગમાંથી ઊઠીને મારી-માતાજીની રૂમમાં દોરવાયો! મનમાં સંકેત થતો હતો, 'માતાજી આવી ગયાં હશે.' રૂમનું લાઈટ, પંખો, મંદિરનું લાઈટ વગેરે ચાલુ હતાં અને સુવાસથી આખો ઓરડો મહેંકતો હતો.

હું પલંગ પાસે નીચે જમીન પર ક્ષણભર બેઠો અને અલૌકિક દિવ્યતાનો આસ્વાદ માણવા લાગ્યો, ત્યાં જ થોડીક વારમાં પ્રકાશનો એક ઝબકારો થયો અને મા ગાયત્રીને મેં પલંગમાં મધ્યમાં બિરાજમાન જોયાં! અતિ દેદીપ્યમાન માના મુખારવિન્દનાં દર્શન થતાં જ આનન્દના અતિરેકમાં મારી સુધબુધ અને વાચા હણાઈ ગઈ. મેં તેમનાં ચરણો મારા બેઉ હાથથી પકડી લીધા અને મસ્તક ઘૂંટણ પર ઢાળીને હું તો બેસી જ ગયો. માએ નીચાં વળીને મને વાત્સલ્યસભર આલિંગન આપ્યું! અને મારા માથે તથા બરડે વાત્સલ્યસભર મૃદુ હસ્ત પસવાર્યા કર્યો.

આજે મા નિરાંત લઈને આવ્યાં હોય તેમ આરામથી પલંગ પર તકિયે અઢેલીને બેઠાં હતાં. વાત્સલ્યસભર મૃદુ હસ્ત પસવારતાં પસવારતાં માએ મને આશીર્વાદ આપ્યા અને કંઈ કેટલી યે ગૂઢ વાતો કરી, માર્ગદર્શન આપ્યું અને જણાવ્યુ કે આ વાતો કોઈને કહેવી નહિ. અર્ધો કલાક સુધી-રાતના સવા બેથી પોણા ત્રણ વાગ્યા સુધી-માના પ્રેમસભર વાત્સલ્યનો લ્હાવો અને ગુહ્ય, અ-પ્રાપ્ય અલૌકિક માર્ગદર્શન મેળવ્યાં.

૧૫-૨૦ મિનિટ પલંગમાં બેઠા પછી મા ખુરશીમાં બેઠાં. હું ઊઠીને ખુરશી પર જવા વિચાર કરી અમલમાં મૂકું ત્યાં તો માતાજી મારી બેહોશ દશાને પામી ગયાં હોય તેમ પરત પલંગ પર બિરાજમાન થયાં. મેં ઘૂંટણ પર માથું ટેકવી દીધું. માએ મને આલિંગન આપ્યુ અને માથે અને બરડે હાથ પસવાર્યા કર્યો.

પોણા ત્રણ વાગ્યે જ્યારે મારું મસ્તક પલંગ પર ટેકવાયું ત્યારે જ ખ્યાલ આવ્યો કે મા અંતર્ધાન થયાં છે. પાંચ મિનિટ પછી શાતા વળતાં વળતાં બહાર આવ્યો તો બેનજી દરવાજા પાસે જ હાથ જોડીને ક્યારનાં ય બેઠાં હતાં. ઘરનાં સર્વેને ઉઠાડયાં અને માની પ્રત્યક્ષ હાજરીની અનુભૂતિઓ નિહાળી અલૌકિક, સ્વર્ગીય, સુવાસમય વાતાવરણનો અનુભવ કરવા લાગ્યાં.

પાંચમી તારીખની રાતે જ માતાજીના આગમનની તૈયારી ઘરનાં બધાં જ સભ્યોએ કરી રાખી હતી.

એક થાળીમાં નાની કટોરીઓમાં સૂકો મેવો, ડીશમાં ખાંડમિશ્રિત બદામનો ભૂકો, મુખવાસ, કેસરવાળું દૂધ તેમ જ બીજી થાળીમાં પાણી પીવા માટે ખાલી ગ્લાસ, થર્મોસમાં પાણી, કંકાવટી, રૂનાં ત્રણ કોરાં પૂમડાં, સેન્ટ-ક્રીમની શીશી, પેન, લેટર-પેડ વગેરે ગોઠવી રાખ્યું હતું.

માના ઘૂંટણ પર માથું ટેકવી હું વાત્સલ્યનો લ્હાવો માણતો હતો ત્યારે મા ડીશમાંથી કંઈક લેતાં હોય તેમ અવાજ આવતો હતો.

આ વખતે માતાજીએ ગોલ્ડન કલરની–સોનેરી રંગની પ્રીન્ટેડ સિલ્કની–રેશમી-છાપવાળી સાડી પહેરી હતી. વાળની એક સેર હતી. ગળામાં હાર, હાથમાં કંગન અને પગમાં નૂપુર હતાં. મૃદુ હાસ્ય વેરતું માનું મુખારવિન્દ ફોટામાં મધ્યમાં દેખાય છે તેવું અતિ સોહામણું હતું. રૂપાની ઘંટડી જેવો મીઠો, મૃદુ અવાજ હજુ પણ મારા કાનમાં ગૂંજ્યા કરે છે.

મા અન્તર્ધ્યાન થયા પછી ઘરના સભ્યોને માતાજીની પ્રત્યક્ષ હાજરીનો અનુભવ થયો હતો, જે આ પ્રમાણે હતો.

ઢાંકીને રાખેલ સૂકા મેવા ને મુખવાસની થાળી પર માતાજીના ડાબા હાથની ચાર આંગળીનાં નિશાન દેખાતાં હતાં :

ડીશમાંનો ખાંડમિશ્રિત બદામનો ભૂકો માએ આરોગ્યો હોય તેમ ત્રણ આંગળીઓની ચૂટકીનાં નિશાન હતાં તેમ જ થોડો ભૂકો બહાર થાળીમાં વેરાયો હતો. ડીશમાં ભૂકા પર પાંચ આંગળીઓનાં નિશાન હતાં.

કાજુ, બદામ, પીસ્તાની કટોરીમાં તેના ટુકડા પડ્યા હતા. એલચીની કટોરીમાં બે એલચીનાં ફોતરાં તેમ જ એલચીના ભૂકામાંથી એલચી આરોગી હોય તેવાં નિશાન હતાં. મુખવાસની ડીશમાંથી મિશ્ર મુખવાસનો ભૂકો આરોગ્યો હોય તેવાં નિશાન હતાં.

પાણીના ખાલી ગ્લાસમાં માએ પાણી પીધું હોય તેમ થોડુંક પાણી વધ્યું હતું. રૂના પૂમડાની ડબ્બીમાં ત્રણ કોરાં રૂનાં પૂમડાં મૂકયાં હતાં. તેમાંથી બે પૂમડાં અદૃશ્ય થઈ ગયાં હતાં! એક પૂમડામાં અત્તરની સુવાસ ભરી હતી. ક્રીમની બાટલીમાંથી થોડું ક્રીમ લીધું હોય તેમ લાગતું હતું. સેન્ટની બાટલીમાંથી સેન્ટનો ઉપયોગ થયો હોય તેમ થોડું ઓછું થયું હતું. કંકાવટીમાંથી કંકુની ચૂટકી ભરી હોય તેવું નિશાન હતું.

માનાં ચરણ ટેકાયાં હતાં તે પલંગ અને ખુરશી પાસેના આસન પર, પલંગ પર બિછાવેલ મખમલની ચાદર, તકિયા પર મધ્યમાં માતાજી જ્યાં બિરાજમાન હતાં ત્યાં તેમ જ ખુરશી પરની મખમલની ચાદર વગેરે અતિ દિવ્ય સુવાસથી સભર હતાં.

માતાજી બિરાજમાન હતાં તે પલંગ પર મધ્યમાં ચાદર પર બેઠકનું નિશાન હતું.

□

---

**કયા કુળમાં જન્મ થવો એ દેવના હાથની વાત છે, પણ પૌરુષ એ માણસના હાથની વાત છે.**

---

# અનુષ્ઠાન કેવી રીતે કરશો?

પરમતત્ત્વની શક્તિઓ અનન્ત, અસીમ અને અખૂટ છે. એમાંથી શક્તિ મેળવીને માનવીએ પોતાનો જીવનવ્યવહાર ચલાવવાનો છે. એમાંથી જ શક્તિ મેળવીને પરમ તત્ત્વને પામવાનો, એની સમીપ જવાનો પુરુષાર્થ કરવાનો રહે છે. એની શક્તિ સિવાય મનુષ્ય કોઈ જ કાર્ય હાંસલ કરી શકતો નથી. કોઈ સિદ્ધિ મેળવી શકતો નથી. પોતાના જીવન દરમ્યાન એ શક્તિનો આશ્રય લીધા વિના માનવીનો કોઈ જયવારો નથી.

આ પરમતત્ત્વ અતિ અગૂઢ–અકળ છે. એની લીલા અનેરી છે, એટલે એમાં જેટલા ઊંડા ઊતરો તેમ એનો વિશેષ ને વિશેષ પરિચય થાય. અને જેમ જેમ પરિચય થતો જાય તેમ તેમ તમને એમાં વધુ ને વધુ દિલચસ્પી લાગે. એને માટે વધુ ને વધુ પ્રેમ જાગે. અને વધુ ને વધુ એની નિકટ જવાનો ઉમળકો અંદરથી જ ઉપજતો રહે.

આ પરમતત્ત્વનો પરિચય મેળવવા, એની સમીપ જવા ઘણા માનવીઓ પ્રતિદિન યથાશક્તિ, યથામતિ, યથાવકાશે, પોતાના રસ–રુચિ, ધર્મ કે સમ્પ્રદાય અનુસાર યતિકંચિત્ ઇષ્ટ આરાધ્ય તત્ત્વનું પૂજન–અર્ચન, સ્તુતિ, જપ, પારાયણ કે અનુષ્ઠાન કરતાં હોય છે. દરેક માનવી પોતાની શ્રદ્ધા અને શરણાગતિ અનુસાર પરમતત્ત્વની કૃપાનો અનુભવ પ્રાપ્ત કરતો હોય છે. જેમ જેમ માનવી–ઉપાસકની અનુભવજન્ય શ્રદ્ધા અને શરણાગતિ દૃઢ–બળવત્તર બનતી જાય તેમ તેમ ઉપાસ્ય તત્ત્વની વિશેષ રૂપે ઉપાસના કરવા, એની નિકટ જવા પોતાની ઉપાસનાના નિત્યક્રમ ઉપરાંત ક્યારેક મોટા પાયા પર ચોક્કસ રૂપે ઉપાસના આરંભતો હોય છે અને પારાયણો કે અનુષ્ઠાનો આદરતો હોય છે.

શક્તિની ઉપાસનાને વિવિધ રૂપે–નામે ઓળખી શકાય, જેમ કે અંબા, બહુચરાજી, લક્ષ્મી, સરસ્વતી, કે ગાયત્રી ગમે તે. આખરે એ એક જ શક્તિ છે. શક્તિની આ ઉપાસના સ્વયં જ ઉપાસકને શક્તિ આપે છે. તેમ જ એની કૃપાનું વિશેષ માધ્યમ પોતાના ઉપાસકને બનાવે છે. શક્તિની નિત્યક્રમની ઉપાસનામાં ઉપાસક માતાજીના પાઠ, સ્તુતિ, જપ, આરતી વગેરે પોતપોતાને અનુકૂળ, યોગ્ય લાગે તે મુજબ ને રસ–રુચિ અનુસાર કરતો હોય છે.

પરન્તુ નવરાત્રમાં શક્તિ–ઉપાસનાનું મહત્ત્વ વિશેષ અંકાય છે. નવરાત્રના સમયમાં શક્તિનો ઉપાસક, પોતાનાથી બને એટલી વધુ ને વધુ શક્તિથી, શ્રદ્ધાથી, શરણાગતિથી, માતાજીના ધ્યાનમાં પોતનું ચિત્ત લીન કરતો હોય છે. શક્તિનાં વિવિધ મન્દિરોમાં જોરશોરથી સામુહિક રીતે માતાજીના છન્દ, સ્તુતિ, આરતી વગેરે ગવાતાં સાંભળવાનો લહાવો અનેરો હોય છે. એ છન્દ, આરતી, સ્તુતિ વગેરેના લયબદ્ધ ગાન દ્વારા મનુષ્ય–ઉપાસક પોતાના અસ્તિત્વમાં અનોખી શક્તિનો સંચાર થતો અનુભવે છે. માતાજીના દિવ્ય ને મંગલકારી સ્વરૂપમાં વધુ ને વધુ લીન બને છે. ને એમ માતાજીની વધુ ને વધુ સમીપ જવાનો વધુ ને વધુ પ્રયાસ કરતો રહે છે.

ગાયત્રીનો ઉપાસક નવરાત્રમાં ગાયત્રી–અનુષ્ઠાન આદરે છે. અનુષ્ઠાન એટલે શું?

અનુ એટલે પાછળ. સ્થા–(તિષ્ઠતિ) એટલે ઊભા રહેવું પરથી ષ્ઠાન શબ્દ પ્રયોજાય છે. અનુષ્ઠાન એટલે, –સ્થાની પાછળ ઊભા રહેવું તે. માતાજીની પાછળ ઊભા રહેવા માટે ઘડેલી ચોક્કસ પ્રકારની ઉપાસનાની યોજના તે અનુષ્ઠાન.

આમ ગાયત્રી–અનુષ્ઠાન માતાજીની–મા ગાયત્રીની વિશેષ ઉપાસનાની ચોક્કસ યોજના છે. એ દ્વારા માતાજીની વધુ ને વધુ સમીપ જઈ શકાય છે. એની કૃપાનો અનુભવ કરી શકાય છે.

આ અનુષ્ઠાન માનવીને-ઉપાસકને ભૌતિક તેમ જ આધ્યાત્મિક ઉભય રીતે ઉપકારક ને શ્રેયસ્કર નીવડે છે. કેવળ ઉપાસનાના હેતુથી આદરેલ અનુષ્ઠાન અભૂતપૂર્વ શક્તિ અર્પે છે. કૃપાનો અધિકારી બનાવે છે. એટલું જ નહિ, નિજાનંદની લાગણીનો-મસ્તીનો સરસ અનુભવ કરાવે છે. ઉપાસના માત્ર સ્વાન્તઃ સુખાય-કેવળ નિજાનંદને ખાતર હોવી આવશ્યક છે. એવી ઉપાસના માનવીને ભૌતિક તેમ જ આધ્યાત્મિક ઉભય સુખ અર્પે છે એ કેવળ સ્વાનુભવે જ સમજાશે.

અહીં ગાયત્રી-અનુષ્ઠાન કેવી રીતે કરવું જોઈએ તે પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીના આદેશ, માર્ગદર્શન અને પ્રણાલી અનુસાર સમજાવવામાં આવ્યું છે, જે વાચકોને, ઉપાસકોને ઉપકારક નીવડશે એવી શ્રદ્ધા છે.

નિયત સમયમાં શિસ્તબદ્ધ રીતે પ્રયોજેલી ઇષ્ટ ઉપાસનાને અનુષ્ઠાન કહેવાય. અમુક ચોક્કસ સમયમાં અમુક માળા નક્કી કરી પૂરી કરવી જોઈએ. અનુષ્ઠાન ત્રણ પ્રકારે થઈ શકે છે. – લઘુ અનુષ્ઠાન, અનુષ્ઠાન અને પુરશ્ચરણ. લઘુ અનુષ્ઠાન ચોવીસ હજાર જપનું હોય છે. એમાં રોજની સત્તાવીસ માળા નવ દિવસમાં કરવાની હોય છે. અનુષ્ઠાન સવા લાખ જપનું હોય છે. એમાં ચાળીસ દિવસમાં રોજની ૩૩ માળા કરવાની હોય છે. ચોવીસ લાખ મંત્રજપનું એક પુરશ્ચરણ ગણાય છે. ગાયત્રી-પુરશ્ચરણ માટે પૂ. ગુરુદેવના આશીર્વાદ, માર્ગદર્શન તેમ જ આદેશ લેવાં જરૂરી છે. કારણ કે પુરશ્ચરણ સમયના લાંબા ફલકની ચોક્કસ પ્રકારની યોજના છે. તેથી સિદ્ધગુરુના આશિષ વિના પુરશ્ચરણ ન કરવું.

બની શકે તો બ્રાહ્મમુહૂર્તમાં માળાનો પ્રારંભ કરવો. જો તેમ ન બને તો બને એટલી વહેલી સવારે શૌચ સ્નાનાદિથી પરવારી માતાજીના ફોટા સમક્ષ બેસી, શક્ય અને અનુકૂળ હોય તો ધૂપ-ઘૃતદીપ-અગરબત્તી પ્રગટાવી, પૂર્વાભિમુખ દર્ભના આસન પર બેસી મંત્રજપ કરવા. અનુષ્ઠાન કરતી વેળા અન્ય કોઈપણ પ્રકારના વિધિવિધાનમાં પડવાની આવશ્યકતા નથી. માત્ર શ્રદ્ધા અને શરણાગતિપૂર્વક, મા-બાળકનો સમ્બન્ધ પ્રસ્થાપિત કરી અનન્ય ભાવે મંત્રજપ કરવાથી એનું સત્પરિણામ આવે જ છે. માતાજીની કૃપા પ્રાપ્ત કરી શકાય છે.


અનુષ્ઠાન કરતી વખતે કોઈપણ પ્રકારની શરત ન રાખવી. માને પોતાના બાળકની સર્વ જરૂરિયાતોની ખબર હોય જ છે, એની બધી મુશ્કેલીઓની જાણ હોય છે તેથી એ યોગ્ય સમયે યોગ્ય માર્ગ-ઉકેલ કરી જ આપે છે. મનુષ્યે માત્ર શરણાગતિ જ રાખવાની રહે છે. જિંદગી આખી માને ચરણે સમર્પિત કરી દેવી. મા પોતાના બાળકનું ખરાબ તો ન જ કરે એ દેખીતી વાત છે. માત્ર સાચા દિલથી-ભાવથી ભક્તિ કરવી જરૂરી છે. જો તમે શરત મૂકો, કે આટલા જપ કરું છું, મારું કામ થવું જોઇએ તો એ વાત શેઠ અને નોકરના સમ્બન્ધ જેવી છે. એ રીતે શેઠ કંઈ નોકરની બધી જ વાતો, માગણીઓ પૂરી નથી કરતા. તેથી મહત્ત્વ શરણાગતિ અને વિશ્વાસનું છે. મા-બાળકનો સમ્બન્ધ કેળવી ગાયત્રીની દૈનિક ઉપાસના-જપ કે અનુષ્ઠાન કરશો તો જરૂર લાભદાયી થશે. કારણ ઉપર કહ્યું તેમ માને બાળકની સર્વ જરૂરિયાતોની ખબર હોય જ છે.

અનુષ્ઠાન કરતી વખતે નક્કી કરેલી માળા કરવા માટે એકસરખું બેસી ન શકાય તો થોડીક માળા સવારે અને બાકીની બપોરે એમ અવકાશે પૂરી કરી શકાય. વચ્ચે ઊઠવું હોય તો ઊઠી શકાય. પરન્તુ એ માટે માળાનો ક્રમ નક્કી કરવો જરૂરી છે. સૂર્યાસ્ત પહેલાં માળા પૂરી કરવી જોઈએ. અનુષ્ઠાન માટે સમય, સ્થળ અને માળાનો ક્રમ નક્કી કરવાનાં રહે છે. અનુષ્ઠાન દરમ્યાન શારીરિક-માનસિક પવિત્રતા જાળવવી જોઈએ. બ્રહ્મચર્ય પાળવું આવશ્યક છે.

વર્ષની ચાર નવરાત્રી-પોષ, ચૈત્રી, અષાઢ અને આસો. આસો માસના નવરાત્રનું અનુષ્ઠાન શ્રેષ્ઠ છે. છતાં અનુષ્ઠાન કોઈપણ મહિનાની સુદ આઠમથી શરૂ કરી શકાય. એમાં વિધિવિધાનની અનિવાર્ય આવશ્યકતા નથી. મહત્ત્વ માત્ર શ્રદ્ધા અને શરણાગતિનું છે.

આ વર્ષે બે આસો માસ છે, તેથી તેની નવરાત્રીનો આરંભ બીજા આસો માસના સુદ એકમથી થશે, તે ઉપાસકોની જાણ ખાતર. □

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં



એક ઢળતી સાંજે અમે પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં બેઠાં હતાં, તે વેળા ગુરુદેવે કહેલી વાતો અત્રે રજૂ કરીએ છીએ.

પૂ. ગુરુદેવે કહ્યું : "મારી વ્યક્તિગત મુલાકાતના કાર્યક્રમ દરમ્યાન સમાજના અણકલ્પેલ વિવિધ પ્રશ્નોથી મૂંઝાતાં લોકો મારી પાસે આવે છે, ઘણાને કુટેવો છોડવી છે. ઘણી ભદ્ર કુટુંબની જુવાન વહુ-દીકરીઓને કૌટુંબિક પ્રશ્નો હોય છે, જે કોઈ ને કહી શકાતા નથી ને સહી શકાતા નથી.

આ પહેલાં હું જ્યારે પુષ્પકુંજ સોસાયટીમાં આવેલા 'બંસીધર' બંગલે બેસતો હતો ત્યારે એક ભાઈ તેમનો ક્રમ આવતાં મારી પાસે આવ્યા. ૩૫-૪૦ વર્ષની ઉંમરના, સુઘડ દેખતા આ ભાઈ મારી પાસે આવી બેઠા અને મને કહે, 'ગુરુદેવ, મને એક બૂરી આદત પડી ગઈ છે, તેમાંથી મને છોડાવો.'

ગરીબ છતાં ખાનદાન કુટુંબનું હું ફરજંદ છું, પરન્તુ બાળપણમાં બેકારી અને સોબતને કારણે મને ચોરી કરવાની તેમ જ ખિસ્સાં કાતરવાની આદત પડી ગઈ છે. હાલમાં તો હું પૈસે ટકે સુખી છું મારાં બે બાળકો છે. તેમને મારે સારા સંસ્કાર આપવા છે, સારા નાગરિક બનાવવા છે. પરન્તુ આ ચોરી અને ખિસ્સા કાતરવાની આદતને કારણે મારું મન ડંખ્યા કરે છે.'

મેં હસતાં હસતાં પૂછ્યું, 'ભાઈ, અહીં લાઈનમાં ઊભા રહેલાઓમાંથી તો કોઈનું ખિસ્સું કાપ્યું નથી ને? શરમિંદા બની જઈ ને એણે કહ્યું 'ના, અહીં તો મેં કોઈનું ખીસ્સું કાપ્યું નથી. ગુરુદેવ, દારૂડિયાને જેવી રીતે દારૂની તડપ લાગે, બીડી પીનારને બીડી પીવાની તડપ લાગે, તેમ મને સવારે ઘેરથી ઓફિસ જવા નીકળું ત્યારે મારા પગ પહેલાં મને બસ સ્ટેન્ડ કે રેલવે સ્ટેશને દોરી જાય છે. મને પરાણે એ તરફ કોઈ ઘસડી જતું હોય તેમ લાગે છે અને ત્યાં લાઈનમાં ઊભેલાં, ઉતાવળે બસ કે ગાડી પકડવા દોટ મૂકતા પેસેન્જરોમાંથી એક બે જણનાં ખીસ્સાં કાતરીને પછી જ ઓફિસે જાઉં છું. આ મારો રોજનો ક્રમ થઈ ગયો છે. પણ હવે મારો કોઈનો હરામનો પૈસો લેવો નથી. મારાં બાળકોનું ભાવિ વિચારતાં તેમને સારા સંસ્કારોનું સિંચન કરવાની મારી જવાબદારીનો વિચાર કરતાં હું કંપી ઊઠું છું–અકળાઈ જાઉં છું. આપના લેખો વાંચ્યા પછી આપના આદેશ પ્રમાણે મેં ગાયત્રી–મંત્રની ત્રણ માળા તો શરૂ કરી દીધી છે અને ત્યારથી જ મારો આત્મા મને આવું કાર્ય કરવાની ના પાડે છે. પરન્તુ આદત મને મજબૂર કરે છે. મારું મન મને તેમ કરવા બળજબરી કરે છે. મારી આ નબળાઈઓથીમારા અંદરના શત્રુથી મને બચાવો...'

થોડી વાર તો આ ભાઈની પોતાની નબળાઈઓનો નિખાલસપણે એકરાર કરવાની રીતથી હું ખુશ થઈ ગયો. મેં તેના માથે હાથ મૂક્યો. જીવનજળ આપ્યું અને ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેવા કહ્યું. ઘરમાંથી નીકળતાં પહેલાં માતાજીના–ઇષ્ટદેવના ફોટાનાં દર્શન કરી આશીર્વાદ મેળવજો અને પન્દર દિવસ પછી મને મળવા કહ્યું.

પન્દર દિવસ પછી જ્યારે એ ભાઈ મને મળવા આવ્યા ત્યારે તેમણે તેમની કુટેવ પર વિજય મેળવ્યો હતો. મનને સંયમિત કરી શક્યા હતા. હર્ષના આંસુ અને વિજયનો આનંદ તેમના મુખ પર વરતાતો હતો. તેમણે કહ્યું, 'ગુરુદેવ, સવારે તૈયાર થઈ ને મન જ્યારે બહાર જવાનો ફોર્સ કરે ત્યારે આપનું જીવનજળ પી લઉં છું. માતાજીના અને આપના ફોટાને વંદન કરી આશીર્વાદ મેળવું છું અને ગાયત્રી મંત્રની ત્રણ માળા નિયમિત કરું છું. એટલે સમય પસાર થઈ જાય છે. પછી ઓફિસે જવાનો સમય થાય ત્યારે જ ઘેરથી નીકળું છું. બેત્રણ દિવસ મન સાથે ઘણો જ સંઘર્ષ કરવો પડ્યો. હવે મને લાગે છે કે આપના આશીર્વાદથી મેં મારા મન પર કાબૂ મેળવી લીધો છે. મારાં અગાઉનાં કૃત્યો માટે મને માફ કરશો.'

ફરીથી તેના માથે હાથ મૂકી, બરડો થાબડી, જીવનજળ અને માળા ચાલુ રાખવા જણાવ્યું.

ગાયત્રી–મંત્રજાપ, પૂ. ગુરુદેવના આશીર્વાદ અને જીવનજળના નિત્ય સેવનથી આ ભાઈની તેમ જ આવા અનેક ભાઈ–બહેનોની અનેક પ્રકારની માનસિક વિકૃતિઓ નાશ પામે છે. ગાયત્રી–મંત્રજાપથી કે અન્ય કોઈ પણ ઇષ્ટના મંત્રજપથી શરીરમાં એક પ્રકારનાં શુદ્ધ–સાત્વિક આંદોલનો ઉદ્‌ભવે છે, જે મનુષ્યના તન–મન–પ્રાણ સમગ્ર અસ્તિત્વમાં શુદ્ધ–સાત્ત્વિક બુદ્ધિનો ઉદય કરે છે. શરીરમાં ષડ્‌રિપુઓએ જન્માવેલી અશુદ્ધતા–મલિનતાને દૂર કરી નૂતન જીવન બક્ષે છે. શુદ્ધ પાણીથી ગંદકી સાફ થાય છે તેમ ગાયત્રી–મંત્રજાપથી કે પોતાના કોઈપણ ઇષ્ટની શ્રદ્ધા ને શરણાગતિપૂર્વકની ઉપાસનાથી–મંત્ર–જપથી માનવનાં શરીર ને મન તંદુરસ્ત ને સાત્વિક બને છે. સાત્વિક બુદ્ધિ સત્કર્મો જ કરાવે, સત્કર્મો પ્રતિ જ

પ્રેરે. મનની મલિનતાઓ, કુત્સિત વિચારો ખરાબ કાર્યો કરવા પ્રેરે. ગાયત્રી-મંત્રમાં સદ્બુદ્ધિ આપવાની, સન્માર્ગે પ્રેરવાની પ્રાર્થના હોવાથી જ કદાચ ગાયત્રી-ઉપાસના પર, ગાયત્રી-મંત્ર-જપ પર આજના સમયમાં વધારે ભાર મૂકાઈ રહ્યો છે.

આ ભાઈને જો પૂ. ગુરુદેવનું વાત્સલ્યપૂર્ણ શરણું ન મળ્યું હોત તો તેમની આ કુટેવે તેમના જીવન અને સંસારને ભરડો દઈને કદાચ તેમનો તેમ જ તેમનાં બાળકોનો પણ વિનાશ નોતર્યો હોત.

સન્તના સાન્નિધ્યથી માનવજીવનનું કેવું ઉદાત્ત ને ઊર્ધ્વ પરિવર્તન થાય છે તેનો આ પ્રેરક નમૂનો છે.

* * *

૧૯૮૨ ના જુલાઈની ૧૭ અને ૧૮ મી જુલાઈના રોજ બે દિવસ પૂ. ગુરુદેવની વ્યક્તિગત મુલાકાતના કાર્યક્રમનું સુરતમાં આયોજન થયું હતું. તા. ૧૭ મીએ સંધ્યા ઢળી ચૂકી હતી, રાત્રીનો અંધકાર ધીમે ધીમે અવનિ પર ઊતરી રહ્યો હતો. તેવે સમયે પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં અમે દસ-બાર ભાઈબહેનો બેઠાં હતાં, ત્યાં જ સુરતના ગાંધીના જાણીતા વેપારી મુ. ભાઈશ્રી હસમુખભાઈ બામણિયાએ પૂ. ગુરુદેવને કહ્યું, 'ગુરુદેવ, આપ અમેરિકા જઈ આવ્યા તો ત્યાંના અનુભવોની કંઈ વાત કરો ને!' એક આછું સ્મિત કરી કંઈક ખંચકાતા-સંકોચ પામતાં, અત્યંત હળવેથી, ક્ષણભર આંખો મીંચી ગુરુદેવે કહ્યું, 'મારા સાન્નિધ્યમાં આવતાં લોકોને અવારનવાર સુગન્ધનો બહુ સરસ અનુભવ થતો હતો...ગુરુદેવે મને બહેનને બોલાવવા કહ્યું, પણ તે દિવસે બહેનને જરા ઠીક નહોતું તેથી તેઓ બહાર ન આવ્યાં.

પછી ગુરુદેવે અમેરિકાના કૌટુમ્બિક-સામાજિક જીવનની, ત્યાંની આર્થિક પરિસ્થિતિની, રહેણી-કરણીની ઘણી ઘણી વાતો કરી. હા, ગુરુદેવે એટલું કહ્યું કે, અમેરિકામાં સ્થાયી થયેલાં ભારતીયો એટલું તો ઇચ્છે જ છે કે ભારતીય મૂલ્યો, ભારતીય આધ્યાત્મિકતાનો સંસ્કાર વિસરાઈ ન જવાય, ઇષ્ટમાંની શ્રદ્ધા અને શરણાગતિનો તન્તુ જળવાઈ રહે અને ભાવિ પેઢીમાં એનું સિંચન થતું રહે. ગુરુદેવે અમેરિકામાં વસતા ભારતીયોને ગાયત્રી-મંત્રની ત્રણ માળા દરરોજ નિત્યનિયમ તરીકે કરવા કહ્યું અને બાળકોને તે શીખવવા જણાવ્યું. એટલું જ નહિ, દરરોજ ઘરના સભ્યોને સમૂહમાં સવારે બાળકોને સાથે લઈ પ્રાર્થના કરવાનો નિત્યક્રમ બનાવવા જણાવ્યું, જેથી બાળકના મન પર એ સંસ્કારની છાપ ઉપસી ને અંકિત થઈ જશે.

આમ, ગુરુદેવ અમેરિકાની ઈધર-ઉધરની વાતો કરતા હતા, એટલે મેં વચ્ચે કહ્યું, 'ગુરુદેવ, માતાજીની વાતો કરો ને!' એટલે ગુરુદેવ ફરી પાછા મૌન ગંભીર બની ગયા ને ગંભીરતાથી ફરી માત્ર સુગન્ધનો જ ઉલ્લેખ કર્યો ને ફરી બહેનને બોલાવવા મને કહ્યું. હું બહેનને બોલાવવા તો ગઈ પણ બહેનની તબિયત ઠીક ન હોવાથી આરામમાં હતાં એ જોઈને પાછી ધીમેથી બહાર ચાલી આવી. અને ગુરુદેવે બીજી કશી વાતો કરી નહિ...

અમેરિકામાં પૂ. ગુરુદેવની વ્યક્તિગત મુલાકાત વખતે ભાઈ-બહેનો કેવા કેવા પ્રશ્નો લઈને આવતા હતા, ગુરુદેવે તેમને કઈ રીતે માર્ગદર્શન આપ્યું, તેમને કઈ રીતે ઉપાસના કરવા કહ્યું, માતાજીના કેવા કેવા સંકેતોથી તે તે ભાઈ-બહેનોએ પોતાના પ્રશ્નોમાં કેવી રીતે રાહત કે મુક્તિ મેળવી? ત્યાંના શારીરિક-માનસિક દર્દો કેવાં છે? કારણ કે ત્યાં તો અત્યંત આધુનિક પ્રકારની તબીબી સવલતો મળી શકે છે તો તે સવલતો દર્દીઓને રાહત કે મુક્તિ આપી શકે છે કે કેમ? અને તેમનાં દર્દોમાં પૂ. ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી-મંત્રજપ અને જીવનજળથી તેઓએ કઈ રીતે રાહત

કે મુક્તિ મેળવી તે અંગે અમારે જાણવું હતું જેથી અમને પણ એમાંથી કંઈક પ્રેરણા મળે, અમારામાં શ્રદ્ધા અને શરણાગતિનો કંઈક નવો જ આવિર્ભાવ થાય, તેથી અમે આ અંગે પૂ. ગુરુદેવને પૃચ્છા કરી પણ પૂ. ગુરુદેવે બીજીવાર પણ આ અંગે મૌન જ સેવ્યું...

ઠીક ઠીક સમય થઈ ગયો હતો તેથી અમે સૌ ઊઠ્યાં. ગુરુદેવને પ્રણામ કરી છૂટાં પડ્યાં.

રસ્તે હું, હસમુખભાઈ ને એમનાં પત્ની સાથે ચાલતાં ચાલતાં આ જ વાતો કરતા હતા. ગુરુદેવના અપૂર્વ પ્રેમ ને વાત્સલ્યને વાગોળતા હતા, પણ અમારા સૌના મનમાં એક જ વાત હતી, માતાજીના અનુભવોની વાત તો ગુરુદેવે કરી જ નહિ !?

દિવસો સુધી મારા મનમાં આ વાત ઘોળાયા કરી, અને આજે પણ ઘોળાય છે. માતાજીના અનુભવોની વાતો ગુરુદેવે બહેન મારફત કહેવડાવવી હતી. સ્વમુખે તેઓ માતાજીના અનુભવોની વાતો ઉચ્ચારવા માગતા નહોતા. જો તેઓ જાતે આ વાતો કહે તો એમને એમ કહેવું પડે કે એક ભાઈ મારી પાસે આવો પ્રશ્ન લઈને આવ્યા. મેં તેમને આ પ્રમાણે કહ્યું ને તેમનો પ્રશ્ન ઉકલી ગયો કે એક બહેન આવી મૂંઝવણ લઈને આવ્યાં, મેં તેમને આમ કહ્યું ને તેમની મૂંઝવણ દૂર થઈ ગઈ. આમ એમને 'મેં આમ કહ્યું, આમ કર્યું'-એ રીતે રજૂઆત કરવી પડે.

પૂ. ગુરુદેવ જે માર્ગદર્શન આપે છે તે માતાજીના આદેશ-પ્રેરણા અનુસાર જ હોય છે, છતાં વાત કરવાની લઢણ-ઢબ તો આ પ્રમાણે જ રહે. અને એમાં કદાચ તેમને હું-પણાનો, અહમ્‌નો ભાર લાગે, પોતાના કર્તૃત્વનો, કર્તાપણાનો એ દેખાવ કે આડંબર કદાચ કોઈને લાગે તો એ આડંબરથી દૂર રહેવા, એ અહમ્‌ના ભારથી વેગળા રહેવા કે કર્તાપણાના એ ભાવને જાણ્યે-અજાણ્યે ય અડકી ન જવાય, પોતાનામાં સહજપણે આવેલી કે સ્વયં સાધેલી નિર્લેપતા-તટસ્થતાનો લેશ માત્ર લોપ ન થાય કે કીર્તિની અભીપ્સાથી તેઓ લેપાય નહિ, માતાજીના આદેશથી આરંભાયેલા આ કાર્યમાં અથથી ઇતિ માતાજીની જ લીલા, પ્રેરણા ને આદેશ અવિરતપણે ચાલ્યા કરે છે, પોતે એક નિમિત્ત છે, માધ્યમ છે-એ તેમનું પરમ સૌભાગ્ય છે. તેમની શ્રદ્ધા, શરણાગતિ ને ભક્તિની પરમ ને ચરમ સીમા છે. પરાકાષ્ઠા છે કે માતાજીએ સંસારની સર્વ જવાબદારીઓની વચ્ચે રહીને પણ સાક્ષાત્કારને પાત્ર બનાવી, તેમનામાં આધ્યાત્મિક-આત્મિક શક્તિઓ-સિદ્ધિઓનું સિંચન કરીને તેમને નિમિત્ત-માધ્યમ બનાવ્યા, પણ એ નિમિત્ત ને માધ્યમ હોવાનો પણ અહમ્ તેમને આભડી ન જાય, તેવા આશયથી તેમણે કદાચ મૌન સેવ્યું હોય, એવું મારું મન્તવ્ય છે. પછી તો ગુરુદેવ જાણે ને માતાજી જાણે. સન્તોની લીલા અકળ હોય છે ને ગુરુ જ્યાં મૌન સેવે પછી ત્યાંથી એક ડગલું પણ આગળ ન વધવાની શિષ્યની પવિત્ર ફરજ છે.

નિત્યક્રમની સહજ ને સ્વાભાવિક ઉપાસના દ્વારા આધ્યાત્મિક ને આત્મિક શક્તિઓ પ્રાપ્ત કરી આત્મસાક્ષાત્કાર કરી ચૂકેલ સન્ત પોતાનાં વાણી, વર્તન અને કાર્યમાં આ રીતે કર્તાપણાના ભાવથી વેગળા રહેતા હોય, એ રીતે અહમ્‌ને-આડંબરને અજાણતાં પણ ઢૂંકવા ન દેતા હોય, એ તેમની વ્યક્તિગત વિનમ્રતા તો ખરી જ, પણ સાથે સાથે વ્યક્તિત્વમાં ઉપસેલી, એકાકાર થયેલી ભક્તિની શક્તિની સભરતાનાં દ્યોતક છે. ફળોથી લદાયેલું વૃક્ષ નમી પડે, સહજપણે ઊગેલા પુષ્પની સુવાસ આપોઆપ ફેલાય કે છલોછલ ભરેલા ઘડાનું પાણી લેશમાત્ર બહાર છલકાય નહિ તેમ ભક્તિની શક્તિઓને આત્મસાત્ કરી ચૂકેલા આ સન્ત પૂ. શ્રી શાસ્ત્રીજીનું મૌન, તેમની ગતિવિધિ, તેમની મહાનતા, તેમની ઉદારતા ને ઉદાત્તતામાં અનેકગણો વધારો કરે છે, એટલું જ નહિ, આપણને પણ ઘણું બધું શીખવી જાય છે—વિનમ્ર બનવાનો, કોઈપણ પ્રકારના ડોળ, દમ્ભ, આડમ્બરરહિત બનવાનો,

અહમ્‌થી વેગળા બનવાનો, પરમાર્થી બનવાનો અને જેટલું શીખો એટલું વધુ. આપણે સૌ પામર મનુષ્યો સંસારના રસમાં રચ્યાપચ્યા રહેનારા આપણા માટે આ બધું ઘણું દુષ્કર કહેવાય. પારસમણિના સ્પર્શે લોઢું સુવર્ણ બને તેમ પૂ. શ્રી શાસ્ત્રીજીના જીવન અને કાર્યમાંથી, તેમના અભિગમ ને આચરણમાંથી આપણે યત્કિંચિત શીખીએ, એનું અલ્પ આચરણ કરીએ એ આપણું કર્તવ્ય છે. તેમને એક જ પ્રાર્થના કરીએ કે તેઓ આપણને જે રાહ પર લઈ જઈ રહ્યા છે, તેમણે જે રાહ ચીંધ્યો છે, તે રાહ પર જેટલી બને તેટલી વધુ ને વધુ ભક્તિ ને સેવા કરવા, માતાજીની કૃપાના અધિકારી બનીએ, વેદમાતા ગાયત્રીના દર્શનની ઝાંખી કે અનુભૂતિ પણ થાય તો જીવ્યું સાર્થક ગણાશે ને ગુરુદેવના આદેશને ચરિતાર્થ કર્યો ગણાશે.

કુ. પૂર્ણિમા ભગતજી

* * *

પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં એક પ્રસંગ જાણવા મળ્યો તે સાચે જ અલૌકિક ને અદ્‌ભુત જણાયો. વિજ્ઞાનની શક્તિ ને સંશોધનની સાથે આધ્યાત્મિક–ઈશ્વરીય શક્તિની સરખામણી કરી એક સંશોધનનો વિષય બની રહે એવો તે પ્રસંગ હતો. વિજ્ઞાનનાં સંશોધનો ને પ્રગતિથી અંજાઈને ચાલનારાં ને ઈશ્વરીય શક્તિનો ઇનકાર કરનાર કે ઉપેક્ષા સેવનાર મનુષ્યબુદ્ધિને બહુ મોટી વિમાસણમાં મૂકી દે તેવો છે. માનવીની શ્રદ્ધા ને ઈશ્વરશરણું જ તેને અવનવા પરમતત્ત્વની કૃપાના અલૌકિક અનુભવો કરાવે છે, પણ ક્યારેક જીવનમાં સર્જાતા અકલ્પ્ય ને અદ્‌ભુત એવા અનુભવો પરમતત્ત્વની અપરિમેય કૃપાશક્તિ તેમ જ સન્તોએ આત્મસાત્‌ કરેલ એ પરમતત્ત્વની શક્તિ આગળ, તેની વિરલતા ને અનન્યતા આગળ સહજભાવે જ નમી જવાય છે!

પૂ. શાસ્ત્રીજીને મળેલી શક્તિઓ અતિ વિરલ–અસાધારણ છે. વેદમાતા ગાયત્રીની તેમના પર અપાર કૃપા છે. દીન–દુઃખીઓની સેવા કરવા તેમનામાં માતાજીએ અખૂટ શક્તિઓનું સિંચન કર્યું છે. તેઓ જે કોઈ કાર્ય કરે છે તે કેવળ માતાજીના આદેશ, પ્રેરણા તેમ જ સંકેત અનુસાર જ હોય છે, એટલે પૂ. શાસ્ત્રીજી પાસે માર્ગદર્શન કે આશીર્વાદ લેવા જનાર મનુષ્ય તેમનામાં માતાજીનું સ્વરૂપ નિહાળી, તેમના વચનને બ્રહ્મવાક્ય સમજીને, જે માતાજી કરશે, કે માતાજીની જેવી ઇચ્છા હશે તે જ પ્રમાણે શાસ્ત્રીજી કરશે એવા પૂ. ગુરુદેવમાં સમ્પૂર્ણ શ્રદ્ધા ને વિશ્વાસ મૂકનાર, તેમના દર્શન, આશીર્વાદ કે માર્ગદર્શન માત્રને પણ શુભ શુકન ગણીને જીવનમાં ડગ ભરનાર માનવી જીવનની બહુ મોટી એવી વિનાશક–ખતરનાક આપત્તિઓમાંથી ઊગરી જઈ શકે છે.

એક દિવસ પૂ. શ્રીના સાન્નિધ્યમાં એક ભાઈએ સ્વાનુભવ વર્ણવતાં કહ્યું:

'મને છેલ્લા બે–ત્રણ મહિનાથી પેટમાં સખત દુઃખતું હતું. વડોદરાની સયાજી હોસ્પીટલમાં મને દાખલ કર્યો. લોહી, ઝાડો, પેશાબ, એક્સ–રે વગેરેની તપાસ કરી ડૉક્ટરોએ નિદાન કર્યું કે આંતરડાંની તકલીફ છે અને ઓપરેશન કરવું પડશે. ઓપરેશનનો દિવસ નક્કી થયો. ઓપરેશન પૂર્વેની બધી જ તૈયારીઓ થઈ ગઈ. બ્લડપ્રેશર ચેક કર્યું. બ્લડનું ગ્રુપીંગ–મેચીંગ કરાવ્યું. આગલે દિવસે રાત્રે દસ વાગ્યા પછી પાણી પણ ન પીવાની સૂચના આપી.

પેટનું મોટું ઓપરેશન હતું, પણ મને દિલમાં જરા પણ થડકાટ નહોતો. માનું સ્મરણ કરતો, મંત્રજપનું રટણ કરતો, ગુરુદેવને મનોમન યાદ કરતો સૂઈ ગયો. રાત્રે સ્વપ્નમાં મેં એક દિવ્ય ને અલૌકિક અનુભવ કર્યો.

સ્વપ્નમાં પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મારી પાસે આવ્યા. મને ઢંઢોળીને કહે, 'ઊઠ, સૂતો છે કેમ?' મેં કહ્યું. 'પેટનું ઓપરેશન કરવાનું છે.' આપે હસતાં હસતાં કહ્યું : 'પડખું ફરી જા.' હું પડખું ફરી ગયો. આપે મારો બુશકોટ ઊંચો કર્યો. એક ચપ્પુ આપના હાથમાં અદૃશ્ય રીતે આવી ગયું. આપે મારા પડખામાં ચીરો કર્યો. કંઈક કાઢીને હાથથી પકડીને નાખી દીધું. પછી હાથ ફેરવીને ઘા બંધ કરી દીધો. મને કહ્યું : 'દુઃખાવો ગયો' અને આપ અદૃશ્ય થઈ ગયા. હું સફાળો જાગી ગયો. સ્વપ્ન કે સત્યની વિમાસણમાં એ દૃશ્યને વાગોળતો ક્ષણભર વિસ્મયથી બેસી રહ્યો.

સવારે ઊઠી નિત્યક્રમ પરવાર્યો, પરન્તુ પેટનો દુઃખાવો બિલકુલ નહોતો. સવારે ડૉક્ટરે આવી ફરીથી તપાસ્યો. મેં ડૉક્ટરને કહ્યું કે જરા પણ દુઃખાવો નથી. ડૉક્ટરે ફરીથી અરજન્ટ-તરત જ એક્સ-રે લેવડાવ્યો અને તપાસ કરીને કહ્યું કે પેટમાં જે ગાંઠ હતી તે એક્સ-રેમાં દેખાતી નથી. ડૉક્ટરને નવાઈ લાગી. અગાઉના એક્સ-રે સાથે સરખાવી જોયું. બન્ને એક્સ-રેમાં ફેરફાર દેખાયો. મને ફરીથી તપાસ્યો અને કહ્યું કે હમણાં ઓપરેશનની જરૂર નથી. ગાંઠ દેખાતી નથી. બે દિવસ રાહ જોવા કહ્યું. બધું જ નોર્મલ-સ્વાભાવિક ને સ્વસ્થ લાગ્યું. દુઃખાવો બિલકુલ નહોતો. બે દિવસ પછી મને રજા આપી દીધી.

હું આપને તેમજ માતાજીને વંદી રહ્યો.

હું તો કેવળ શ્રદ્ધા અને શરણાગતિનો આશ્રય લઈને મંત્રજપ કર્યે જતો હતો. માતાજીને ને ગુરુદેવને દિલના અતલ ઊંડાણેથી યાદ કર્યે જતો હતો. મારી નાનકડી શ્રદ્ધા ને શરણાગતિથી પ્રસન્ન થઈને માતાજીએ ને ગુરુદેવે મને બહુ મોટી પીડામાંથી ઊગારી લીધો. શાસ્ત્રીજીના સ્વરૂપે મા ગાયત્રી અને શાસ્ત્રીજી સૂક્ષ્મ સ્વરૂપે સાક્ષાત્ આવી મને કૃતકૃત્ય કરી દીધો.'

□

---

**દાન કે પરોપકારાર્થે વપરાતું ધન ખૂટી જશે એમ માનવું કેવળ ભ્રમ છે. વાવણી વખતે ખેતરમાં વેરેલાં બી અનેકગણાં થઈને ઊગી નીકળે છે. તેવી જ રીતે દાનધર્મ માટે વાપરેલું ધન ખેતરમાં વેરેલા બીની જેમ અનેકગણું થઈ ઊગી નીકળશે.**

---

# જ્ઞાનગોષ્ઠિ : પ્રારબ્ધ અને પુરુષાર્થ

પ્ર૦ (૧) પૂ. ગુરુદેવ, પુરુષાર્થ અને પ્રારબ્ધ આ બંનેમાં કોનું મહત્ત્વ વધારે? જો પ્રારબ્ધ કર્મ પ્રમાણે જ જીવનમાં બનવાનું હોય તો પુરુષાર્થની શી આવશ્યકતા છે?

(૨) આ જન્મમાં કોઈપણ જાતનું પાપકર્મ કર્યું નથી, છતાં પણ આ બાળકને આવી અસાધ્ય બીમારી થવાનું કારણ શું?

(૩) ઘરમાં પત્ની-બાળકો હોવા છતાં આપસમાં જરાપણ મનમેળ નથી.

(૪) એક જ મા-બાપનાં બાળકોમાં પણ કેટલી વિસંવાદિતા! એક ભાઈને ઘેર મોટર-ગાડી-બંગલા અને દોમ દોમ સાહ્યબી, જ્યારે બીજા ભાઈની પરિસ્થિતિ અતિ સામાન્ય છે, ત્રીજો ભાઈ રોગી અને ખોડખાંપણવાળો છે.

(૫) વેપારમાં જ્યાં જ્યાં પ્રયત્ન કરું છું ત્યાં નિષ્ફળતા જ સાંપડે છે.

જ૦ જીવનમાં પુરુષાર્થ અને પ્રારબ્ધ બંનેનું મહત્ત્વ છે. પ્રારબ્ધ અનુસાર આપણને તેજસ્વી બુદ્ધિ મળી હોય, મોટર-ગાડી-બંગલો મળ્યાં હોય, સારો-વેપાર-ધંધો હોય, પરન્તુ તેને ટકાવી રાખવા, તેને વધારવા, તેનો સદુપયોગ કરવા માટે પુરુષાર્થની આવશ્યકતા છે. પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે સાત્ત્વિક કે દૂષિત રાહ અપનાવીએ, તે આપણા પોતાના પુરુષાર્થ પર, આપણી બુદ્ધિ પર આધાર રાખે છે. Man is the architect of his own fortune. મનુષ્ય પોતે જ પોતાના જીવનનું (સન્માર્ગે કે કુમાર્ગે) નિર્માણ કરી શકે છે.

સંસારસાગરમાં જીવનનૌકા ચલાવવા માટે પ્રારબ્ધ અને પુરુષાર્થ બન્નેની આવશ્યકતા છે.

સામાન્ય રીતે તત્ત્વજ્ઞો પુરુષાર્થ અને પ્રારબ્ધ એમાંથી જેનો પક્ષ લે તેના સમર્થનમાં પોતાની દલીલો કરે છે, પરન્તુ આનો એક સરળ ઉકેલ એક નાવિકે શોધી કાઢ્યો છે. આ નાવિકે પોતાની હોડીનાં હલેસાંનાં બે નામો પાડ્યાં છે: એક પુરુષાર્થ અને બીજું પ્રારબ્ધ. પ્રારબ્ધમાં માનનાર વ્યક્તિ જ્યારે હોડીમાં બેસે ત્યારે આ નાવિક પ્રારબ્ધનું હલેસું ચલાવે, પુરુષાર્થમાં માનનાર વ્યક્તિ હોડીમાં બેસે ત્યારે પુરુષાર્થનું હલેસું ચલાવે. પરન્તુ દરેક વખતે હોડી આગળ વધવાને બદલે ગોળ-ગોળ ફરીને પાછી એની એ જ જગ્યાએ આવી રહે, પણ સહેજ પણ આગળ વધે નહિ.

પુરુષાર્થ અને પ્રારબ્ધ બન્નેમાં માનનાર વ્યક્તિ જ્યારે હોડીમાં બેસે ત્યારે નાવિકે બન્ને હલેસાંનો ઉપયોગ કરવો પડે, અને હોડી સડસડાટ કરતી ધારેલી દિશામાં આગળ વધવા લાગે.

આમ, પુરુષાર્થ અને પ્રારબ્ધ બન્ને હલેસાં સાથે ચાલે તો જીવનનૌકાને માટે કોઈ મંઝિલ અશક્ય નથી.

અન્ય પ્રશ્નોના પ્રત્યુત્તરો કર્મના સિદ્ધાંત પર આધાર રાખે છે.

કર્મની ગતિ અતિ અટપટી છે. સુખ અને દુઃખ એ મનુષ્યનાં જ કર્મોનું ફળ છે. દરેક મનુષ્યને કર્મના સિદ્ધાંત અનુસાર જ જીવન, સ્ત્રી, સહોદર, ધન-સમ્પત્તિ-વૈભવ વગેરે પ્રાપ્ત થાય છે.

દુન્યવી દૃષ્ટિએ અતિ પાપી માણસ અતિ સુખ ભોગવે છે, અતિ પુણ્યશાળી માણસ અતિ દુઃખી હોય છે. એટલું જ નહિ, એને અન્ન અને દાંતને વેર હોય છે—ખાવાનાં સાંસાં પડતાં હોય છે,

ત્યારે સહજ રીતે જ ઈશ્વરમાંથી આપણી શ્રદ્ધા ડગી જાય છે, આપણને લાગે છે કે ભગવાન જાગે છે કે ઊંઘે છે? સૃષ્ટિના સંચાલકને કોઈ કાયદો–કાનૂન લાગુ પડે છે કે નહિ? કે પછી બધું અંધેર જ ચાલે છે. મનુષ્યનું અન્તર આવો આક્રોશ કરી ઊઠે એ સ્વાભાવિક છે.

પણ વહાલાં બાળકો, ભગવાનને ત્યાં સ્પષ્ટ ન્યાય છે. ભગવાનને ત્યાં દેર પણ નથી અને અન્ધેર પણ નથી. સૃષ્ટિ–સંચાલકના કાયદા બહુ જ સ્પષ્ટ અને લાગવગશાહી વગરના છે.

કર્મના ચક્રમાં અટવાયેલી વ્યક્તિ કે જેને કર્મના સિદ્ધાંતનો ખ્યાલ નથી, તે સામાન્ય રીતે ઈશ્વરને દોષિત ઠેરવે છે.

મનુષ્યજીવન ત્રણ પ્રકારનાં કર્મો સાથે સંકળાયેલું છે: (૧) ક્રિયમાણ કર્મ, (૨) સંચિત્ કર્મ, (૩) પ્રારબ્ધ કર્મ.

**ક્રિયમાણ કર્મ** : માણસ સવારથી રાત સુધી, જન્મથી મૃત્યુપર્યન્ત જે જે કર્મ કરી તેનું ફળ ભોગવે તે બધાં જ ક્રિયમાણ કર્મ કહેવાય. ક્રિયમાણ કર્મ હંમેશ ફળ ભોગવીને જ પૂર્ણ થાય. દા. ત. ભૂખ લાગી, જમ્યા, ભૂખ શાંત થઈ ગઈ.

**સંચિત્ કર્મ** : કેટલાંક ક્રિયમાણ કર્મનું ફળ પાકતાં વાર લાગે છે. જ્યાં સુધી ક્રિયમાણ કર્મ ફળીભૂત ન થાય ત્યાં સુધી તે સિલકમાં રહે છે, અને સમય આવ્યે તેનું પાક ફળ પાકે છે. દા. ત. પરીક્ષાનું પેપર એપ્રિલમાં લખ્યું હોય અને એનું પરિણામ જૂનમાં આવે. બાજરી આજે વાવો તો નેવું દિવસે પાકે.

દશરથ રાજાને શ્રવણના માબાપ દ્વારા લાગેલો શાપ સંચિત્ થઈને અમુક સમયે ફળસ્વરૂપે પાક્યો. રામચન્દ્રજી વનવાસ જતાં પુત્રવિરહ ન જીરવાતાં તેમણે દેહ છોડયો. આમ દરરોજના અપરિપક્વ ક્રિયમાણ કર્મ સંચિત્ થઈને સમય જતાં તે જ જન્મમાં ફળ આપે તેને સંચિત્ કર્મ કહેવાય. ફળ આપવાની પ્રક્રિયા સુધી જે કર્મ સંચિત થઈને પડયું રહે તેને સંચિત્ કર્મ કહેવાય.

**પ્રારબ્ધ કર્મ** : સંચિત્ કર્મ પાકીને જે ફળ પ્રાપ્ત થાય તેને પ્રારબ્ધ કર્મ કહેવાય. જન્મ-જન્માન્તરના સંચિત્ કર્મના ઢગ પાકીને ફળસ્વરૂપે તૈયાર થાય અને તે ફળ ભોગવવા શક્તિમાન બને. પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે તેને અનુરૂપ શરીર, સગાં–સંબંધી, આપ્તજન, પતિ–પત્ની, સન્તાન, માતાપિતા વગેરે પ્રાપ્ત થાય છે. મનુષ્યે પોતાના જીવનકાળ દરમ્યાન પ્રારબ્ધ કર્મ ભોગવવું જ પડે છે. અધૂરું રહેલું પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે મનુષ્યે જન્મજન્માન્તરનાં ચક્રમાં ફરવું પડે છે. દરેક જન્મના સંચિત્ કર્મ પાકીને પ્રારબ્ધરૂપે ફળ આપવા તૈયાર થતાં જાય તેમ તેમ જીવને વારંવાર–લાંબા સમય સુધી દેહ ધારણ કરવો પડે છે. પુનરપિ જનનં, પુનરપિ મરણમ્!

આમ, ક્રિયમાણ, સંચિત્ અને પ્રારબ્ધ કર્મના ફળના ભોગવટા માટે મનુષ્યે જન્મ–મરણના ચક્રમાં અટવાવું પડે છે અને જીવનો મોક્ષ થતો નથી.

ક્રિયમાણ કર્મ જેટલાં અને જેવી રીતે કરો તેટલું જ અને તેવા રીતનું પ્રારબ્ધ નિર્માણ થાય અને તેટલું જ પ્રારબ્ધ ફળ મળે. જન્મ લેતી વખતે જેટલું સંચિત્ કર્મ પાકીને ફળ આપવા પ્રારબ્ધ બન્યું હોય તેટલું જ પ્રારબ્ધ કર્મ ભોગવવાને અનુરૂપ દેહ અને સગાંસંબંધી મળે.

'ઋણ રે સમ્બન્ધે આવી મળે, સુત, વિત, દારા ને દેહ.'

અને ઋણાનુબન્ધ પૂરાં થતાં તુરત જ છૂટકારો થાય છે.

આમ, પોતાના સત્-અસત્ પ્રારબ્ધ કર્મો અનુસાર જ મનુષ્ય પોતાના જીવનમાં સુખ કે દુઃખનો અનુભવ કરે છે. તેથી પોતાના સુખદુઃખમાં ઈશ્વરને દોષિત ઠેરવવો એ બરાબર નથી. 'સુખે સોની ને દુઃખે રામ' કહેવત અનુસાર સુખમાં માણસ છકી જાય ને દુઃખમાં ઈશ્વરને ભજે એ બરાબર નથી. સુખમાં પણ પરમાત્માને યાદ કરવા અને દુઃખમાં પણ પરમાત્મામાં આસ્થા રાખી એનું સ્મરણ કર્યે જવું એ જ ઈશ્વરની મનુષ્યે સ્વીકારેલી સાચી શરણાગતિ કહેવાય. તમારા પ્રારબ્ધ કર્મ અનુસાર તમે પ્રાપ્ત કરેલ સુખમાં પણ સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી પ્રભુની ભક્તિ કરશો, તો સુખમાં અભિવૃદ્ધિ થતી રહેશે. તમારાં સત્કર્મો સંચિત થતાં રહેશે. અને આગળ ઉપર તમારું ભાવિ, તમારું પ્રારબ્ધ ઉજ્જવળ ને સમૃદ્ધ હશે. એ જ પ્રમાણે સમ્પૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિથી દુઃખના સમયમાં પણ પ્રભુને છોડશો નહિ, તો તમારા પ્રારબ્ધ કર્મ અનુસાર તમે પ્રાપ્ત કરેલ દુઃખમાં તમને સહનશક્તિ મળશે, ધીરજ મળશે, સ્વસ્થતા પ્રાપ્ત થશે. આત્મશાંતિ મળશે. તમારાં અસત્ કર્મો ક્ષીણ થતાં જશે. ધીમે ધીમે તમે તમારા દુઃખમાંથી રાહત કે મુક્તિ મેળવશો. ઈશ્વરમાં શ્રદ્ધા રાખી, એની શરણાગતિ સ્વીકારી એનું સ્મરણ કર્યે જવું એ પણ એક કર્મ જ છે. એ કર્મ જેમ જેમ સંચિત થતું જશે તેમ તેમ તમારી પ્રગતિ ને ઉન્નતિ થતી જશે. પણ, મનુષ્યનું આ ઈશ્વરભક્તિનું કર્મ નિષ્કામ-નિરપેક્ષ હોવું જોઈએ. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ કૃષ્ણ ભગવાને કહ્યું છે કે કર્મમાં જ તારો અધિકાર છે, ફળમાં નહિ. એટલે મનુષ્યે કર્મો કરવાનાં છે. એના ફળની અપેક્ષા રાખવાની નથી. મનુષ્યના કર્મનું ફળ તો જે આવે તે સાનુકૂળ કે પ્રતિકૂળ-તેણે ભોગવ્યે જ છૂટકો.

ત્યારે, બીજો પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે, દેહ ધારણ કરી કર્મના જ ચક્રમાં જો ફરવાનું હોય તો પછી મોક્ષ ક્યારે અને કેવી રીતે મળે? આપણે આ જન્મમાં કોઈ કર્મ જ ન કરીએ તો કર્મ સંચિત થવાનો સવાલ જ ઊભો ન થાય અને પ્રારબ્ધ ફળ સ્વરૂપે ભોગવવું ન પડે અને દેહ પણ ધારણ ન કરવો પડે.

એના જવાબમાં એમ કહી શકાય કે જન્મથી મરણ પર્યન્ત ઐચ્છિક કે અનૈચ્છિક કર્મ તો કરવાં જ પડે છે. હા, ક્રિયમાણ કર્મ એવાં કરો કે જે સંચિત કર્મમાં જમા થવા ન પામે, પરન્તુ તાત્કાલિક ફળ આપીને શાંત થઈ જાય.

અજ્ઞાન દશામાં, મનુષ્યેતર યોનિમાં, નિષ્કામ ભાવે, નિરભિમાનપણે, વિશ્વના કલ્યાણ માટે, બાળક દશામાં, ફરજની રૂએ કર્તાપણાના અભિમાન વગર કરેલાં કર્મ સંચિત થતાં નથી.

કોઈપણ વ્યક્તિ એક ક્ષણ પણ કર્મ કર્યા વિના રહી શકતી નથી. તે કર્મ ન કરે તો તેની જીવનનાવ અટકી જાય.

ક્રિયમાણ કર્મને નિયંત્રિત કરવાં અને પ્રારબ્ધ કર્મને ભોગવી લેવાં તે કદાચ મનુષ્યથી શક્ય બને, પરન્તુ સંચિત કર્મો કે જે ફળસ્વરૂપે પરિપક્વ થયાં નથી અને જેનું ફળ ભોગવવાનું હજી બાકી છે તેમાંથી છૂટવા માટે જ્ઞાનમાર્ગ એક અનોખું સાધન છે.

**યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિઃ ભસ્મસાત્ કુરુતેઽર્જુનઃ ।**
**જ્ઞાનાગ્નિઃ સર્વ કર્માણિ, ભસ્મસાત્ કુરુતે તથા ॥**

જીવને તેના બ્રહ્મસ્વરૂપનું (અહમ્ બ્રહ્માસ્મિ) સ્પષ્ટ જ્ઞાન થાય એટલે તેનાં સંચિત કર્મો બળી જાય અને મોક્ષનાં દ્વાર નજીક આવીને તે ઊભો રહે.

પ્રારબ્ધ કર્મને સહજ રીતે ભોગવવા માટે ભક્તિમાર્ગ અપનાવવો જરૂરી છે.

જીવને સત્–ચિત્–આનન્દ સ્વરૂપનું ભાન–જ્ઞાન કરાવવા માટે માર્ગદર્શનની જરૂર પડે છે. કર્મ-બન્ધમાંથી છૂટી અને મોક્ષ મેળવવા માટે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં ત્રણ માર્ગ બતાવ્યા છે: ક્રિયમાણ કર્મ માટે કર્મમાર્ગ, સંચિત કર્મ માટે – જ્ઞાનમાર્ગ અને પ્રારબ્ધ કર્મ માટે – ભક્તિમાર્ગ.

આમ, પરમાત્માને પ્રાપ્ત કરવાના ત્રણ માર્ગોમાંથી અર્જુને કર્મમાર્ગ, ઉધ્ધવજીએ જ્ઞાનમાર્ગ અને વિદુરજીએ ભક્તિમાર્ગ અપનાવી, પરમાત્માનો સાક્ષાત્કાર કરી, મોક્ષ પ્રાપ્ત કર્યો હતો.

આજના કપરાકાળમાં ભક્તિમાર્ગ જ મનુષ્યને માટે ભૌતિક તેમ જ આધ્યાત્મિક બન્ને દૃષ્ટિએ સર્વ શ્રેષ્ઠ છે. એ ભક્તિથી મનુષ્યનાં અસત્ કર્મો કપાતાં જશે. ક્ષીણ થતાં જશે ને સત્કર્મમાં વૃદ્ધિ થતી જશે અને સુખ, સમૃદ્ધિ, શાંતિ પ્રાપ્ત થશે. તેમ જ પરમાત્માની કૃપા પણ પ્રાપ્ત થશે. મારા મન્તવ્ય મુજબ, આજના આ સમયમાં આપ સૌ માતાજીની સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી ગાયત્રી-મહામંત્રની દરરોજ ત્રણ માળા કરશો તો તમને માનસિક શાંતિ તો અવશ્ય મળશે જ. તેમ જ તમારું પ્રારબ્ધ પણ વધુ ઉજ્જવળ બનશે. મનુષ્યે પોતાનું જીવન ઉન્નત ને ઉજ્જવળ તેમ જ સુખી ને સમૃદ્ધ બનાવવા માટે પરમાત્માની શરણાગતિ સ્વીકાર્યા વિના બીજો કોઈ આરો નથી.

□

---

**ધીરજ રાખજો. પહાડ જેવી આપત્તિઓ આવે, ઉપર આભ અને નીચે ધરતી જેવી નિઃસહાયતા લાગે તો ય ભક્તિમાંથી ચલિત ન થશો. ઈશ્વરની શરણાગતિ છોડશો નહિ. તમે તમારા પૂજા–પાઠ–જપ–ધ્યાન–પ્રાર્થના–સ્મરણ–મનન–ચિંતન જે કંઈ કરતાં હો તે અવિરત–નિયમિતપણે કર્યે જાવ. તમને જરૂર સફળતા પ્રાપ્ત થશે. કારણ કે પરમાત્માની શક્તિ અનન્ત ને અસીમ છે. એ અનન્ત ને અસીમ શક્તિને તમારી બુદ્ધિએ–માપવાનો પ્રયત્ન કરશો નહિ. માનવીય બુદ્ધિની પેલે પાર જ પરમાત્માની શક્તિ કાર્યશીલ બનતી હોય છે.**

---

# અહમ્‌થી મુક્ત બનેલા આત્મામાં જ પ્રભુની શરણાગતિનો આવિષ્કાર સધાય છે!

પોતે સ્વૈચ્છિક રીતે સ્વીકારી લીધેલાં-અપનાવેલાં નૈતિક મૂલ્યો માનવીના ભૌતિક સુખની આડે આવતાં હોય છે. આજે ચોમેર નૈતિક મૂલ્યોનો હ્રાસ થતો જોવામાં આવે છે, છતાં કેટલાક એવા માનવીઓ છે જેમણે સમ્પૂર્ણપણે નૈતિક મૂલ્યોનો સ્વીકાર કરેલો છે અને એ રીતે પોતાના-પોતે અપનાવેલા રાહ પર ચાલી રહ્યા છે. પોતાની માન્યતાઓને, પોતાના સિદ્ધાંતોને વળગી રહ્યા છે. તેમ કરતાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે તો તે કરવા પણ તત્પર બને છે. જીવનમાં અભાવો વેઠવા પડે તો તે પણ વેઠે છે, પણ પોતાની માન્યતા-સિદ્ધાંતો-નૈતિક મૂલ્યોને ક્ષીણ થવા દેતા નથી, કે એમાં બાંધછોડ કરતા નથી. એવી નૈતિક રીતે ચાલનાર માનવીને પરમાત્મા હંમેશ સહાય કરે જ છે.

આર્થિક ભીંસ માનવીને અનેક રીતે હતાશ-નિરાશ કરી મૂકે છે. ક્યારેક એમાં સહાય કરનાર સગાં-સંબંધીઓ મળી પણ આવે છે, પણ આર્થિક ભીંસમાં ભીંસાયેલો ને નૈતિક રીતે ચાલનારો માનવી, ઈશ્વરનો ડર રાખીને ચાલનારો માનવી એવી સહાય લેવા માંગતો નથી. કારણ કે એ સહાય કરનાર સમ્બન્ધીને એ નાણાં ક્યારે ને કેવી રીતે ભરપાઈ કરવા? એ ભરપાઈ ન થઈ શકતાં ઊલટું એનું દુઃખ વધી જાય છે, એની અસ્વસ્થતા વધી જાય છે, એના કરતાં આર્થિક અભાવમાં જીવવું વધુ પસંદ કરે છે. સંસાર અને સમાજમાં આવા ઘણા માણસો જોવા મળે છે.

આવા નીતિમાન માણસો બેવડી રીતે દુઃખી થાય છે. એક તો પોતાની સ્વીકારી લીધેલી નીતિને કારણે અને બીજું કે તેઓ આસપાસના વાતાવરણમાં, સમાજમાં, સ્નેહીઓમાં કંઈક હાસ્યાસ્પદ-ઉપહાસને પાત્ર બને છે, કારણ કે સામે આવતી સહાયનો તેઓ અસ્વીકાર કરે છે. અલબત્ત, એની પાછળનો એમનો આશય, એમની નીતિ ઘણી પ્રમાણિક હોય છે, પણ માનવીના જીવનમાં તે ઘણી કટુતા લાવે છે.

પૂ. શ્રી. શાસ્ત્રીજી દરેક મનુષ્યને-દરેક ઉપાસકને નિષ્કામભાવે પોતાના ઇષ્ટની કે ગાયત્રીની ઉપાસના કરવાનો આદેશ આપે છે. શક્તિના ઉપાસકોને-ગાયત્રીના ઉપાસકોને તેઓ મા-બાળકનો સમ્બન્ધ કેળવી ઉપાસના કરવાનો આદેશ આપે છે. કારણ કે માતા પોતાના બાળકની બધી જ રીતે કાળજી લે છે. એની સર્વ જરૂરિયાતોની એને ખબર હોય છે અને તદનુસાર તેને સહાય કર્યા જ કરે છે. એટલે મા-બાળકના સમ્બન્ધની પાર્શ્વભૂમાં કરાતી શક્તિની ઉપાસના, ઉપાસકની અનેકાનેક જરૂરિયાતો પૂરી પાડે છે.

અત્રે આવો જ પ્રસંગ પ્રસ્તુત કર્યો છે. બીલીમોરાના શ્રી. મધુભાઈ પટેલ લખી જણાવે છે:

પૂ. શાસ્ત્રીજી,

બીલીમોરાથી ગાયત્રીની કૃપા પામેલ મધુભાઈના સાદર પ્રણામ.

હું નવસારી કૃષિ યુનિવર્સિટી (કૉલેજ) નવસારી, કૅમ્પસમાં છેલ્લાં ચૌદ વર્ષથી નોકરી કરું છું. મોંઘવારીના જમાનામાં પગાર સારો અને પૂરતો હોવાથી કુટુંબનું ભરણપોષણ કરી શકતો હતો. કૃષિ

મુનિ૦ અમદાવાદ તરફથી જૂનાગઢ વધુ અભ્યાસ માટે મોકલ્યો હતો. છેલ્લા દાયકાથી બે વર્ષ અનેક પ્રકારની શારીરિક, માનસિક, સામાજિક, કૌટુંબિક અને આર્થિક મુશ્કેલીઓમાં સપડાઈ ગયો હતો. ચોમેર અંધકાર જ હતો. અનેક દુશ્મનો ઊભા થયા. ઘરની ભરણપોષણની પરિસ્થિતિ પણ કફળી ગઈ. હજી એ જ પરિસ્થિતિ છે. છતાં આશીર્વાદ અને દર્શનથી બાળપણમાં જેનું સિંચન થયું હતું એવો ગાયત્રી-મંત્ર મારી વહારે ધાયો. અને મને ઊગારી લીધો. મારામાં આવેલ પરિવર્તનને કારણે મારા દુશ્મનો તેમ જ વડીલો મને ખૂબ જ માન આપતા થયા.

આર્થિક રીતે પાયમાલ થઈ ગયો છું. સગાંવહાલાંઓએ નાણાં આપવા પ્રયત્નો કર્યા, જેનો સ્વીકાર કરી શકયો નથી. મારા પિતાશ્રીની મિલકતમાંથી નાનાભાઈ મારફતે પૈસા આપવા પ્રયત્નો ચાલુ જ છે, પરન્તુ તેનાથી ઘરમાં ખૂબ કલેશ જન્મશે, જેનાથી બચવા સતત જાગૃત રહું છું. મારા બનેવીઓ તરફથી નાણાંની જેટલી જરૂરિયાત હોય તેટલી મદદ કરવા માટે પ્રયત્નો કર્યા છે, છતાં તેનો હું સ્વીકાર કરી શકયો નથી. ફક્ત એક જ કારણ કે જીવનના પાછલા ભાગમાં એ પૈસાને કારણે મેં પકડેલા ગાયત્રી માતાના માર્ગમાં અવરોધ ઊભા નથી કરવા.

આજે સવારની દૈનિક ઉપાસનામાં જે સદ્‌ભાવ પ્રગટ થયો તે એ જ કે ગાયત્રી માતા પાસે તું તેના બાળક તરીકે માગણી કર, જેથી આ પત્ર લખવા પ્રેરાયો છું. ફક્ત માનસિક શાંતિ અને કુટુંબનું કલ્યાણ થાય તેવી પ્રાર્થના. માને પ્રાર્થના કરતો કે તારી કૃપા થઈ છે. તું જે કરાવે તે જ કરવાનું. હું નાશ પામ્યો છું.

આપનાં દર્શન કરી આશિષ મેળવ્યા. ખૂબ શાંતિ મળી. લઘુ-અનુષ્ઠાન અંગે ચોપડીઓમાં જે માહિતી હતી તેમાં થોડી ભૂલો કરી છે, છતાં ખૂબ જ શ્રદ્ધાપૂર્વક અનુષ્ઠાન કર્યું છે. ઘરમાં ખૂબ જ શાંતિ છે. આપના ખૂબ આશીર્વાદ મળે કે જેથી માનવઅવતાર સાર્થક કરી શકું.

લિ૦ આપનો બાળક

**મધુભાઈ પટેલ**

* * *

શૈશવનો શ્રદ્ધા અને ભક્તિનો સુષુપ્ત સંસ્કાર જાગ્રત થતાં માનવી ભક્તિને અભિમુખ બને છે. ભક્તિને અભિમુખ બનેલો માનવી નૈતિક મૂલ્યો વિશે વધુ ને વધુ સભાન બને છે, કે ક્યાંક નૈતિક મૂલ્યોનું અધઃપતન ન થાય. કારણ કે નૈતિક મૂલ્યોનું અધઃપતન થતાં માનવી જીવનનો સર્વનાશ વહોરી લે છે. નૈતિક મૂલ્યો સ્વીકારીને ચાલનાર મનુષ્ય ઈશ્વરનો પ્રિય બની રહે છે. ઈશ્વરના પ્રિય બનેલાને માટે પછી શું દુષ્કર કે અપ્રાપ્ય હોય? ઈશ્વરના પ્રિય બનેલાએ તો ઊલટું નૈતિક મૂલ્યો પ્રતિ વધુ ચુસ્ત રહેવું પડે છે.

છતાં, માનવીના ભૌતિક કે આધ્યાત્મિક ઉભય જીવનમાં આડખીલીરૂપ બનતો હોય તો તે 'હું'– માનવીનો અહમ્–મનુષ્યનો આ અહમ્ જ જીવનમાં અનેક મુશ્કેલીઓ સર્જે છે. એટલું જ નહિ, મનુષ્યને પરમાત્માથી, તેના પ્રેમથી પણ વિમુખ રાખે છે. અહમ્ સેવતો માનવી પરમાત્માની ભક્તિ કરી શકતો નથી. અથવા તેની ભક્તિ ફળીભૂત થતી નથી. પોતાનું કર્તાપણાનું ભાન જ્યાં સુધી કોઈ-પણ મનુષ્ય કે ઉપાસક વિસરે નહિ, વિસારે પાડે નહિ તો તે કોઈ રીતે ફાવતો નથી. એટલે જ આપણા સિદ્ધપુરુષો–સન્તો–ગુરુઓ આપણને અહમ્‌થી મુક્ત થવાનો આદેશ આપે છે. કારણ કે માનવી ભલે બુદ્ધિશાળી પ્રાણી કહેવાતો હોય, છતાં જીવનનો મહાન સંચાલક ઇશ્વર જ છે. તેની ઇચ્છા વિના સઘળું નકામું છે. અરે, એક પાંદડું ય તેની ઇચ્છા વિના ફરકી શકતું નથી, કે અતિ તુચ્છ ગણાતું

તૃણ પણ ટકી શકતું નથી, તો મનુષ્યની તો વાત જ શી? જીવનના ગમે તે સોપાન પર, ક્ષુલ્લકમાં ક્ષુલ્લક બાબતો પરત્વે પણ જો ઈશ્વરમાં શ્રદ્ધા હશે તો તે અચૂક ફળીભૂત થશે જ થશે. સ્વાનુભવે જ એ સમજાશે. અહમ્‌થી મુક્ત બનેલા આત્મામાં જ પ્રભુની શરણાગતિનો આવિષ્કાર સધાય છે. જ્યાં પ્રભુની શરણાગતિનો આવિર્ભાવ થાય છે ત્યાં અહમ્‌ને ટકવા માટે કોઈ કારણ નથી રહેતું. પ્રભુની શરણાગતિ આગળ અહમ્‌ની કોઈ હસ્તિ નથી, કોઈ અસ્તિત્વ જ નથી. કારણ કે ત્યાં પરમાત્માની ઇચ્છાનો જ નત મસ્તકે સ્વીકાર કરવાનો રહે છે. એકવાર પરમાત્મા આગળ મસ્તક નમ્યું પછી આપણા સારા-ખોટાનો આપણો વિચાર જ કરવાનો રહેતો નથી. પ્રભુનાં ચરણોમાં જ્યાં આપણું અસ્તિત્વ સમર્પિત થાય છે ત્યાં પછી કોઈ જ તર્કવિતર્કને સ્થાન નથી રહેતું. અને પ્રભુનાં ચરણોમાં સમર્પિત થયેલા જીવનું કદી અહિત થતું નથી તે હકીકત પ્રત્યેક મનુષ્યે, પ્રત્યેક ઉપાસકે યાદ રાખવાની છે. આટલી વાત યાદ રાખીને જીવનમાં ઊતારનાર પ્રત્યેક માનવી-કે ઉપાસકનું શ્રેય-કલ્યાણ જ થશે એ નિઃશંક છે.

□

---

# સમાચાર

- કેન્યામાં (પૂર્વ આફ્રિકા) પૂ. ગુરુદેવનો કાર્યયજ્ઞ તા. ૫-૧૨-'૮૨ થી ૨૫-૧૨-'૮૨ સુધી યોજાયો છે.
  સરનામું : AJITBHAI PANCHMATIA,
  P. O. Box-115, KERICHO, KENYA. PHONE No. 55
- તા. ૨૧-૧૧-'૮૨ થી ૨૩-૧૧-'૮૨ સુધી સૂરતમાં પૂ. ગુરુદેવનો કાર્યયજ્ઞ છે.
  સરનામું : સૂરત ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ, સીંગાપોરીની વાડી, ઘમણવાળા હૉલ, મહારાજા થિયેટરની સામે, રુસ્તમપરા, સૂરત.
- તા. ૧૭-૧૦-'૮૨ થી આસો નવરાત્રી પ્રસંગે અનુષ્ઠાન કરવા ઇચ્છતા ઉપાસક ભાઇ-બહેનોને પૂ. ગુરુદેવ આશીર્વાદ પાઠવે છે.
- ગાયત્રી-ફાઉન્ડેશન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સર્વે ઉપાસક ભાઈ-બહેનોને દીવાળી તેમ જ નૂતન વર્ષના અભિનંદન પાઠવે છે.
  પૂ. ગુરુદેવ નૂતન વર્ષે આપ સર્વને આશીર્વાદ પાઠવે છે.
- પૂ. ગુરુદેવનાં પુસ્તકો ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થયાં છે. અમદાવાદમાંથી રુબરુમાં મેળવી શકાશે.
  (૧) ઉપાસનાનો રાજમાર્ગ, (૨) અગોચરના ઊંડાણમાં (ગુજરાતીમાં)
  (૩) True worship ટ્ટ વર્શીપ (અંગ્રેજીમાં)
- 'આધ્યાત્મિક કેડી' ત્રૈમાસિક અંકનું વાર્ષિક લવાજમ ડિસેમ્બર '૮૨ માં પૂરું થશે. ગ્રાહકોએ આગામી ૧૯૮૩ ના વર્ષનું વાર્ષિક લવાજમ રૂપિયા દસ (રૂા. ૧૦) મોકલી આપવું. પરદેશ માટે લવાજમ ૩ ઈંગ્લીશ પૌંડ. પાંચ અમેરિકન ડોલર છે.
  રીન્યુઅલ ગ્રાહકોએ ગ્રાહક નંબર અવશ્ય લખવો.
  પાંચ વર્ષનું સામટું લવાજમ રૂા. ૫૦ (પચાસ) ૧૫ પૌંડ કે ૨૫ ડૉલર્સ (અમેરિકન) સ્વીકારવામાં આવશે.

●

---

# પરમતત્ત્વમાં શ્રદ્ધા રાખી અપેક્ષાવિહીન શરણાગતિ સ્વીકારો !

પોતાના સ્નેહી-સ્વજનના સ્મરણમાં લીન બનેલા મનુષ્યના હૃદયનાં, એની ભાવનાનાં, એના પ્રેમના, એની લાગણીનાં સ્પંદનો સ્નેહીના હૃદય સુધી પહોંચી શકે છે તે સૌનો અનુભવ હશે. જેને આપણે અંગ્રેજીમાં ટેલિપથી કહીએ છીએ. ટેલિપથી એટલે વિચાર-ભાવ-સંક્રમણ, દૂરાનુભૂતિ. એક વ્યક્તિના મનના વિચારો બીજી વ્યક્તિના મન સુધી પહોંચાડવા. દૂર રહેલાની અનુભૂતિ કરવી. લૌકિક વ્યવહારમાં આપણે આવા અનેક અનુભવો અવારનવાર પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવીએ છીએ, સાંભળીએ છીએ, જોઈએ છીએ. એ જ રીતે મનુષ્ય પોતાના હૃદયની ભાવનાઓ પરમાત્મા સુધી પણ પહોંચાડી શકે છે.

પરમાત્માની શોધમાં વિહરતા કે પરમાત્માના દિવ્ય સ્વરૂપમાં તન્મય બનીને ફરતા સન્તોને માટે આ વાત અતિ સરળ ને સહજ છે. ઇષ્ટની નિરંતર આરાધના દ્વારા પરમતત્ત્વ સાથે સાધેલ અનુસંધાન દ્વારા તેઓએ જે શક્તિ પ્રાપ્ત કરી હોય છે તેનો વિનિયોગ કરીને લૌકિક વ્યવહારના–લૌકિક જગતના માનવીઓને તેઓ વિરલ સહાય કરી રહ્યા છે.

પરમતત્ત્વની ઉપાસના અને સંતોની શક્તિ કેવાં કેવાં પરિણામ અને પરિમાણ સર્જે છે તેનું નિદર્શન પ્રસ્તુત પ્રસંગ કરશે.

એક ભાઈ લખે છે :

'પરમ પૂજ્ય શાસ્ત્રીજી,

પ્રણામ.

આ પહેલાં મેં એક પત્ર આપને લખ્યો હતો, તેમાં મેં મારી પત્નીની સુવાવડ અને વા સંબંધી હકીકત જણાવી હતી. મેં આપને લખ્યું હતું કે મારી પત્નીને સુવાવડ આવવાની છે. પૂરતો સમય થઈ ગયો હોવા છતાં શારીરિક વિકાસ છે નહિ. ડૉકટરની દવા ચાલુ છે. તેના શરીરે વાનું દર્દ છે. તે પણ લગભગ બે-ત્રણ વર્ષથી છે. આયુર્વેદિક તેમ જ બીજા ડૉકટરોની ઘણી દવા કરી છે, છતાં તેના શરીરથી આ દર્દ ગયું નથી. બીજું કે મારા ફાધરને લકવાની અસર છે. તે માટે ગાયત્રી માને મારા વતી કંઈ કરવા આપને જણાવ્યું હતું. તે પ્રમાણે માની અસીમ કૃપા મારા પર ઊતરી છે. માએ મારું મોઢું હસતું રાખ્યું છે. તેથી માની આગળ મારું માથું શ્રદ્ધાથી નમી પડે છે.

મારાં પત્નીએ ગઈ તા. ૨૨-૨-૭૯ના રોજ ગુરુવારે બેબીને જન્મ આપ્યો છે. માની કૃપા તો જુઓ, ડૉકટરોને પણ આશા નહોતી કે બેબીનું વજન ૨॥ કીલો થશે. ડૉકટર તો કહેતા હતા કે બાળક શેર-સવાશેર વજનનું જ હશે, પણ મા ગાયત્રીની અને આપની કૃપાથી મારી બેબીનું વજન બે કીલો અને ૭૦૦ ગ્રામ થયું છે અને બેબીની તબિયત પણ સારી છે.

મારી પત્નીને કુદરતી રીતે ડીલીવરી ન થતાં ઓપરેશન-સીઝરીંગ-કરીને બેબી લેવી પડી છે. જ્યારે ઓપરેશન ચાલતું હતું ત્યારે મારા મનમાં સતત ગાયત્રી-મંત્ર રટતો હતો. ડૉકટરના મનમાં પણ એવું હતું કે કાં તો બાળક બચે અથવા માતા બચે. પણ ગાયત્રી માતાના સ્મરણને કારણે અને

પત્ર દ્વારા આપને જાણ કરી તેને કારણે ઓપરેશન પણ સફળ રીતે પાર પડયું અને અત્યારે મારી પત્નીની અને બેબીની તબિયત સારી છે.

બીજું કે મારી પત્નીને શરીરે વાનું દર્દ હતું તે પણ હવે ઓછું થવા માંડયું છે અને લગભગ મટી ગયા જેવું થઈ ગયું છે. જો માતાજીની કૃપા હશે તો કદાચ થોડા દિવસોમાં વાનું દર્દ સંપૂર્ણપણે મટી જશે. અત્યારે દુઃખાવો ખૂબ જ ઓછો થઈ ગયો છે.

આ રીતે શાસ્ત્રીજી, હું તમારી પાસે આવ્યો નથી, છતાં મારા એક પત્રને કારણે આપે મારા ઉપર આટલી કૃપા કરી તેનો અનુભવ થયા પછી આપના ચરણમાં હું ખૂબ જ વન્દન કરું છું. એ માટે હું આપનો આભારી છું. જેની કૃપાથી મારું કાર્ય સફળ થયું છે તે દયાદેવી ગાયત્રીના ચરણમાં મારું માથું શ્રદ્ધાથી નમી પડે છે.

શાસ્ત્રીજી, મેં આપને ગયા પત્રમાં જણાવ્યું હતું કે મારે મારા પત્રનો જવાબ જોઈતો નથી, પણ જ્યારે મારી પત્નીની સુવાવડ સારી રીતે પતી જશે અને વાનું દર્દ દૂર થઈ જશે ત્યારે મને મારા પત્રનો જવાબ પણ મળી જશે. એ જ પ્રમાણે આપે મારા પત્રનો જવાબ પણ આપી દીધો છે. ખરેખર, શ્રદ્ધા રાખનારને મા હંમેશા મદદ કરે છે.

લિ. દવે અશોકકુમાર વાસુદેવ
C/o. શ્રી વૈજનાથ વિદ્યાલય
વેજલપુર, તા. સાવલી, જિ. વડોદરા.

સ્થૂળ રીતે જોઈ કે સ્પર્શી ન શકાય, એવી અતિ સૂક્ષ્મ છતાં દૃઢ શ્રદ્ધા માનવીને કેવી કેવી સફળતાઓ અપાવે છે તેનો આ પુરાવો છે. અપેક્ષાવિહીન, કોઈપણ પ્રકારની માગણી કર્યા વિનાની કેવળ શ્રદ્ધાપૂર્વક પરમતત્ત્વની સ્વીકારેલી શરણાગતિ મનુષ્યહૃદયનાં સંવેદનો આ રીતે પરમતત્ત્વ સુધી પહોંચાડે છે, અને એને સહાય કરે છે.

પૂ. શાસ્ત્રીજી પર અનેકોના પત્રો આવે છે. તે બધા જ પત્રોમાં પોતાના મનની કંઈ ને કંઈ મૂંઝવણો, મુશ્કેલીઓ અંગે માર્ગદર્શન આપવા વિનંતી કરી હોય છે. પૂ. શાસ્ત્રીજી કોઈને પણ પત્રનો જવાબ આપતા નથી. એક સર્વસામાન્ય, સર્વગ્રાહ્ય આદેશ એમણે પ્રત્યેક ઉપાસકને-માનવીને આપી દીધો છે અને તે પરમતત્ત્વની-ગાયત્રીની શરણાગતિ સ્વીકારવાનો, ગાયત્રી-મહામંત્રનો શ્રદ્ધા અને શરણાગતિથી જપ કરવાનો, ગાયત્રી-મહામંત્રની ઓછામાં ઓછી ત્રણ માળા નિયમિત-યથાવકાશે-યથામતિ-યથાશક્તિ કરવાનો એમનો આદેશ છે. એટલે એમના એ આદેશને શિરોમાન્ય રાખી, શ્રદ્ધા અને શરણાગતિથી જે કોઈ વ્યક્તિ એમને રુબરુ મળ્યા વિના પણ શરૂ કરી દે તો સર્વને આ અને આવા અનેક સુખદ અનુભવો થશે, એમાં શંકાને સ્થાન નથી. એમણે આદરેલ જપયજ્ઞમાં, આ રીતે પત્રરૂપે પણ પોતાની સમીપ આવનાર મનુષ્યને માતાજીની અલૌકિક શક્તિઓના સિંચનથી સહાયરૂપ બને છે. એની મૂંઝવણો-ગૂંચવણો ઉકેલી આપે છે. એટલે કેવળ ગાયત્રી-જપ કરવાનો પૂ. ગુરુદેવનો આદેશ ભૌતિક તેમ જ આધ્યાત્મિક પ્રત્યેક સુખની શોધમાં નીકળેલ મનુષ્યને-ઉપાસકને માટે ઉપકારક ને અવિસ્મરણીય બની રહે છે-રહેશે.

□

# ઇંગ્લેન્ડમાં પૂજય ગુરુદેવનો કાર્યયજ્ઞ

તા. ૩-૮-૮૨ થી ૨૭-૮-૮૨ સુધી પૂ. ગુરુદેવના કાર્યયજ્ઞનું આયોજન ઇંગ્લેન્ડમાં કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે પણ ઑગસ્ટમાં પૂ. ગુરુદેવના કાર્યયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આધિ-વ્યાધિ-ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓએ જ્ઞાતિ, જાતિ અને ધર્મનાં બંધનોથી પર રહી પૂજ્યશ્રીના કાર્ય-યજ્ઞનો લાભ લઈ રાહત અનુભવી હતી, માર્ગદર્શન મેળવ્યું હતું.

ત્રણ અઠવાડિયાં દરમ્યાન વ્યક્તિગત મુલાકાત, જીવનજળ, ગાયત્રી-ઉપાસના વિશે માર્ગદર્શન તેમ જ ધ્યાનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રીની વિરલ આધ્યાત્મિક કાર્ય-પ્રણાલીનો લાભ જેઓએ ગયા વર્ષે લીધો હતો અને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી રાહત મેળવી હતી. તેવી વ્યક્તિઓની પ્રેરણાથી પ્રેરાઈને લગભગ અન્ય ૩૦૦૦ ભાઈબહેનોએ પૂ. શ્રીના માર્ગદર્શન ને આશીર્વાદનો લાભ લીધો હતો.

ધ્યાનના કાર્યક્રમમાં દરેકને માનસિક શાંતિ તેમ જ અન્ય અલૌકિક ને રોમાંચક અનુભવો થયા હતા.

મિતભાષી પૂ. ગુરુદેવનું સાન્નિધ્ય મેળવવા અને સ્વર્ગીય વાતાવરણનો અનુભવ કરવા લોકો દૂર દૂરનાં શહેરોમાંથી લેસ્ટરમાં પૂ. શ્રીની મુલાકાત માટે આવતા. ઘણાંને મોગરાની સુવાસ આવતી, માતાજીની પરોક્ષ હાજરીનો અનુભવ થતો. તા. ૨૨ મી ઑગસ્ટે પૂ. શ્રીના સાન્નિધ્યમાં બર્મિંગહામમાં પંચકુંડી ગાયત્રી-મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઇંગ્લેન્ડવાસીઓ માટે પૂ. શ્રીનો સંદેશ છે કે જીવનમાં નીતિમત્તાનું ધોરણ જાળવજો, આર્ય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મનો વારસો જળવાઇ રહે તેવું વાતાવરણ ભાવિ પેઢી માટે તૈયાર કરજો, જેથી નાનાં બાળકો પશ્ચિમના વાતાવરણમાં રહેવા છતાં આપણી સંસ્કૃતિ અને ધર્મને જાળવવાનો પ્રયાસ કરે. ગાયત્રી-મહામંત્રની ત્રણ માળાને અને પોતાના ઇષ્ટદેવની ઉપાસનાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

ઇંગ્લેન્ડના ઉપાસકો પૂ. ગુરુદેવને વિનંતી સહ નિવેદન કરે છે કે "ઇંગ્લેન્ડમાં વસતાં બાળકો પણ આપનાં જ છે. પશ્ચિમના દૂષિત વાતાવરણમાં જીવતાં આપનાં બાળકોને આપના સાન્નિધ્ય દર્શન અને માર્ગદર્શનની સતત જરૂર છે. અમે આપને પ્રાર્થના કરીએ છીએ કે દર વર્ષે આપના કાર્યયજ્ઞનો લાભ અમને મળતો રહે તેવી કૃપા કરશો."

□

**નિત્ય સુખની ઇચ્છાવાળાએ જ્ઞાન અને કર્મ-પરમાત્મા સંબંધી વિચાર અને સંસાર એ બંનેની આવશ્યકતા છે. જેમ પક્ષીને આકાશમાં ઉડવા માટે બે પાંખોની જરૂર છે.**

**સંતોષ મોટું સુખ છે, ને સંતોષ મોટું ધન છે એવું માનીને ચાલનારો માણસ મનની શાંતિ ને સુખ પ્રાપ્ત કરી શકે છે.**



પ્રખર ગાયત્રી - ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોપા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

**સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)**

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

□